વર્ષ : ૨૦૨૦ (૧૯મું વર્ષ)

અંક : ત્રિમાસિક

# ગુરુ ગરિમા



પ.પૂ. શ્રી સોમેશ્વર તીર્થ સ્વામીજી મહારાજ (કડી)


## સ્વામી શ્રી સોમેશ્વર આશ્રમ

ભાઉપુરા, કડી - ૩૮૪૪૪૦, જિ. મહેસાણા (ઉ.ગુ.)

ફોન : (૦૨૭૬૪) ૨૬૩૨૬૦

# આશ્રમના દૈનિક કાર્યક્રમો

૧. સવારે ૫-૦૦ કલાકે ભગવાનની ઉથાપન વિધિ ત્યારબાદ ભગવાનને સ્નાનાદિ વગેરે ક્રિયા પછી ચંદન પુષ્પ શણગાર.
૨. સવારે ૬-૦૦ કલાકે આરતી પ્રાર્થના તથા પ્રસાદ (ઋતુ પ્રમાણે સમયમાં ફેરફાર)
૩. આશ્રમમાં સવારે ૬-૩૦ કલાક પછી સફાઈ
૪. સવારે ૧૧-૦૦ કલાક સુધી દર્શનનો સમય.
૫. સવારે ૧૦-૦૦ થી ૧૦-૩૦ કલાક સુધી ભગવાનનો રાજભોગ.
૬. બપોરે ૧૧-૦૦ થી ૩-૩૦ સુધી આશ્રમ બંધ રહેશે.
૭. બપોરે ૩-૩૦ કલાકે આશ્રમ ખૂલે. આશ્રમની સફાઈ તથા બાગમાં ફૂલછોડની માવજત
૮. સાંજે ૫-૦૦ કલાકે સાયં પ્રાર્થના (ઋતુ પ્રમાણે ફેરફાર)
૯. સાંજે ૫-૩૦ કલાકે દામોદર સ્તોત્ર તથા તથા વિષ્ણુસહસ્ર નામનુંપઠન
૧૦. સાંજે ૬-૧૫ કલાકે વિડિયો અથવા ઓડિયો કેસેટ. (જુદાં જુદાં સંતો દ્વારા થયેલી કથાઓ તથા તેમના ઉપદેશની)
૧૧. સાંજે ૭-૦૦ કલાકે ભગવાનને શયન.
૧૨. રાત્રે ૮-૦૦ કલાકે આશ્રમ બંધ.

## શ્રી સોમેશ્વર આશ્રમમાંથી બહાર પાડેલા પુસ્તકોની યાદી

૧. નિત્યકર્મ
૨. માનવ શુભવ્રત પ્રવેશિકા
૩. શિષ્ય - શિક્ષક - સદ્‌ગુરુ
૪. યોગાનુભવ
૫. પ્રાર્થના
૬. સુબોધ
૭. આશ્રમ ભજનાવલી
૮. સત્યશોધન (સ્વામી સોમેશ્વર તીર્થની આત્મકથા)
૯. સન્યાસી (પૂ. ગુરુમહારાજનું જીવનચરિત્ર)
૧૦. બિલીપત્ર
૧૧. તત્ત્વ ચિંતન
૧૨. શ્રીમદ્ ભાગવતના મહામંત્રો - કનુભાઈ વ્યાસ

# સ્વામીશ્રી સોમેશ્વર તીર્થ આશ્રમ

**ભાઉપુરા, કડી - ૩૮૨૭૧૫ (ઉ.ગુ.) ફોન : ૦૨૭૬૪-૨૬૩૨૬૦**

**ત્રિમાસિક : એપ્રિલ-૨૦૨૦** **તંત્રી : શ્રી જગદીશભાઈ પરીખ**

**વર્ષ : ૧૬** **સળંગ અંક - ૬૨** **સહતંત્રી : શ્રી ત્ર્યંબકભાઈ નાયક**

## સંપાદક મંડળ

### સહસંપાદક

શ્રી રજનીભાઈ પટેલ

શ્રી દુષ્યંતભાઈ પટેલ

શ્રી ભીખાભાઈ પટેલ

શ્રી વૈશાલીબેન નાયક

શ્રી દેવાંગ નાયક

**મૂલ્ય : અમૂલ્ય**

**માલિક અને પ્રકાશન**

શ્રી સોમેશ્વર આશ્રમ

ભાઉપુરા, કડી (ઉ.ગુ.)

પીન - ૩૮૪૪૪૦

**સંપાદકીય**

## સાચી શાંતિ ક્યારે મળે ?

દરેક માનવને એક એવી ઈચ્છા હોય છે. તેને સુખ-શાંતિ પ્રાપ્ત થાય. દરેક માનવ પાસે મકાન હોય છે. સારો પરિવાર હોય છે. જીવન જીવવાની તમામ આધુનિક જરૂરિયાતોની વસ્તુઓ હોય છે. આર્થિક રીતે પણ થોડો સદ્ધર હોય છે. પરંતુ તેને શાંતિ મળતી નથી. તેને તેનાં જીવનમાં ખાલીપો લાગે છે. તેના જીવનમાં સંતોષ નથી.

આનું સાચું કારણ સ્પષ્ટ છે કે તેને ભગવાન કે કોઈ સાચા સંતની પ્રાપ્તિ હજુ થઈ નથી. જ્યારે આ જીવ ભગવાન કે સાચા સંતને શરણે જતો નથી. ત્યાં સુધી સાચી શાંતિ મળતી નથી. માટે સાચા સંત અને ભગવાનની નિષ્કામ ભક્તિ-સેવા કરીશું તો તેમના આશીર્વાદ પ્રાપ્ત થશે ને આપણે શાંતિ પ્રાપ્ત કરી શકીશું

**- જયશ્રી કૃષ્ણ**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | પ્રાણાયામમાં પ્રગતિ | ''શ્રી શંકર જગન્નાથ તીર્થ'' માંથી |
| ૨. | કેસર કટોરી | ''સંન્યાસી'' માંથી |
| ૩. | સંત કબીર | સુશીલાબેન શર્મા.અમદાવાદ |
| ૪. | પરમાત્માની પ્રાપ્તિનો માર્ગ | મહેન્દ્રભાઈ જી. પટેલ.અમદાવાદ |
| ૫. | જીંદગીમાં આનંદનું સર્જન કરો | વૈશાલીબેન નાયક.કડી |
| ૬. | નવલું નજરાણું | વિઠ્ઠલભાઈ એમ નાયક.મલાડ, મુંબઈ |
| ૭. | કડી-ડાકોર-પોઈચા બુહારી યાત્રા | ત્ર્યંબકભાઈ ડી. નાયક,કડી |
| ૮. | વિતેલા પ્રસંગો | ત્ર્યંબકભાઈ ડી.નાયક, કડી |
| ૯. | શ્રદ્ધાંજલિ કાવ્ય (પૂ. બહેનનું) | ત્ર્યંબકભાઈ ડી.નાયક, કડી |
| ૧૦. | ગુરુ અને સદ્ગુરુ | હરીચ્છાબેન બ્રહ્મભટ્ટ, કડી |
| ૧૧. | પૂ. ગાંધી બાપુના દુહા | પીતાંબરભાઈ શર્મા, અમદાવાદ |
| ૧૨. | શ્રદ્ધાંજલિ | - |

# પ્રાણાયામમાં પ્રગતિ

ભટ્ટજી પહેલાં પોતાના પિતા પાસે સંધ્યા કરતી વખતે નાકમાં બે કાણાં (નસકોરાં) વારાફરતી દબાવીને શ્વાસ લેવો અને કાઢવો એટલું જ જાણતા હતા. તેમાં ચંદ્ર કયો અને સૂર્ય કયો તેનું જ્ઞાન તેમને ન હતું. છતાંય તે પ્રાણાયામ કરતા જ રહ્યા હતા.પૂર્વજન્મનાં ફળ ભોગવવાં જ પડે છે, પછી તે ફળ સારાં હોય કે ખરાબ હોય. ભટ્ટજીના પૂર્વજન્મના જ એવા સંસ્કાર અને કર્મ હશે કે તેઓ હવે યોગ તરફ આકર્ષાયા હતા. ભટ્ટજીના લલાટમાં મહાન બનવાનું લખ્યું હશે તેથી આવા વિચારો આવવા લાગ્યા.

એક દિવસ ઘરમાં પોતાના ઘર સંબંધી કોઈ જરૂરી પત્ર શોધવા લાગ્યા. ઘરમાં પિતાશ્રીએ ભેગાં કરેલાં ઘણાં પુસ્તકો હતાં. તેમાં તે કાગળ શોધતા હતા ત્યાં તેમના યોગવિદ્યાનો હતો તેથી તે અલગ રાખ્યો. આ પ્રસંગ વિષે વિચાર કરીએ તો એવું લાગે છે કે 'કાગને બેસવું અને ડાળને પડવું.' તેમનું (ભટ્ટજીનું) યોગ તરફ વલણ થવું અને આ પુસ્તક હાથ લાગવું. પછી આ પુસ્તક કાયમ પોતાની પાસે રાખતા હતા. પુરુષાર્થ કરતા હોય છે તેને દેવો સહાય કરે છે. જે મનુષ્યઉદ્યોગી છે તે જરૂર કોઈ ને કોઈ સમયે સિદ્ધિ પ્રાપ્ત કરશે જ. પછી તે પુસ્તકનો અભ્યાસ શરૂ કર્યો. આવી રીતે વારંવાર વાંચતાં વાંચતાં ભટ્ટજી આ પુસ્તક સાત વાર વાંચી ગયા અને તેનો સાર પૂરેપૂરો યાદ રહી ગયો. હવે તે પુસ્તકમાં જ્યાંથી શરૂઆત કરવાની કહી હતી ત્યાંથી , એટલે આસનથી કાર્યની શરૂઆત કરી.

પહેલાં તો ચોર્યાસી આસનો સિદ્ધ કર્યાં. તેમાં મુખ્ય આસનો સિદ્ધાસન, પદ્માસન, દઢાસન અને વીરાસન હતાં. આ આસનો જમાવીને પોતે બે-ત્રણ કલાક સ્થિર બેસી શકતા હતા. પછી પોતે શ્વાસની ક્રિયાને અનિયમિત રીતે કરતા હતા, તે ક્રિયા આ પુસ્તકના આધારે કરવા લાગ્યા. ચંદ્ર-સૂર્ય અને સુષુમણા એ શું છે તેનું ભાન થવા લાગ્યું. અમુક સમય કરતા રહ્યા જેનો પ્રભાવ ભટ્ટજીના ઉપર ઘણો સારો પડ્યો. આ પ્રાણાયામ સવાર, બપોર, સાંજ અને અર્ધી રાત્રે કાયમ કરતા હતા, પણ અમુક અનિયમિતપણું હતું.

આવા યોગના કાર્યમાં જ્યારે મૂંઝવણ થતી ત્યારે કાળભૈરવનું (જેને તેઓ પોતાના ગુરુ માનતા હતા તેનું) ધ્યાન કરતા અને પોતાની અગવડતા અને મૂઝંવણ તથા મુશ્કેલી કહેતા હતા. બીજે દિવસે તેમને યોગ્ય સ્ફુરણા થતી. તે પ્રમાણે કાર્યમાં આગળ વધતા હતા. આ ઉપરાંત પણ જ્યારે ગામમાં કે કોઈ મંદિરે સાધુ-સંત કે કોઈ વિદ્વાન પુરુષ આવતા તેમની પાસે પહોંચી જતા. આ તેમનો મૂળ સ્વભાવ હતો. આ રીતે નદીના સામે કાંઠે ફૂલનાથ મહાદેવનું મંદિર છે ત્યાં કોઈ મહાત્મા

આવ્યા છે તેવી ખબર પડતાં ત્યાં પહોંચી ગયા. ત્યાં એક નાની ધર્મશાળા હતી ત્યાં તે બ્રહ્મચારી ઊતર્યા હતા. તેમનું નામ હતું પ્રાણલાલ અને બંગાળના રહેવાસી હતા. તેમની સાથે ભટ્ટજીએ પરિચય કર્યો અને વાતચીત શરૂ કરી દીધી. વાતો ઉપરથી ભટ્ટજીને લાગ્યું કે તેઓ યોગ વિષે કાંઈક જાણે છે. પછી તેમની પાસે હમેશાં જવા લાગ્યા અને યોગ વિષેનું તેમનામાં કેટલું જ્ઞાન છે તે જાણવા ઉત્સુક રહેવા લાગ્યા.

એક સમયે પ્રાણલાલ બ્રહ્મચારીને તેમણે પૂછ્યું કે, ‘શ્વાસ મહાબળવાન છે એમ કહેવામાં આવે છે. તો તે શ્વાસ શરીર માટે કેટલો ઉપયોગી છે અને તેની અસર કેવી થાય છે તે વિષે મારે જાણવું છે.’ તે સાંભળી પ્રાણલાલે કહ્યું :‘ભાઈ, આપણા શરીરના મધ્ય ભાગમાં બન્ને બાજુની પાંસળીઓ પાસે સ્નાયુઓનો એક જથ્થો છે. તેમાં એક પડદો છે. (આ ફેફસાંની વાત હોય તેવું લાગે છે). તે પડદો છાતી અને પેટને જુદો પાડે છે. જેમ હૃદય પોતાની ક્રિયા સ્વતંત્ર રીતે કરે છે તેમ આ સ્નાયુઓ પણ ક્રિયા કરતા હોય છે. સંકલ્પ વડે મનુષ્ય પોતાના સ્નાયુઓને સ્વાધીન કરી શકે છે. પછી પોતાની ઈચ્છા પ્રમાણે ક્રિયા કરી શકે છે. શ્વાસ જ્યારે આ દેહમાં જાય છે ત્યારે ફેફસાં ફૂલે છે અને ત્યાંની ખાલી જગ્યામાં વાયુ પ્રવેશ કરે છે. થોડી વારે બહાર નીકળે છે ત્યારે ફેફસાંનો ભાગ સંકોચાય છે.

‘જ્યારે બહારનો પવન દેહમાં આવે છે ત્યારે શરીરના તમામ ભાગમાં રુધિર ફરી વળે છે. આ ક્રિયા હૃદયની મદદથી થાય છે. તે રુધિર અનેક સંખ્યામાં રહેલ રક્તવાહિનીઓ દ્વારા સમગ્ર શરીરમાં જાય છે. જ્યારે હૃદય આ રીતે રુધિરનું પોષણ કરે છે ત્યારે રુધિર સ્વચ્છ, તેજસ્વી અને જીવ તથા બળને આપનાર ગુણોવાળું થાય છે. તે લોહી અવયવોને પોષણ આપીને પાછું ફરે છે ત્યારે તે સત્ત્વહીન, નિસ્તેજ અને આસમાની રંગનું થઈ જાય છે. તેમાં જીર્ણ પરમાણુઓ સાથે હોય છે તે લઈને રુધિર હૃદય અને ફેફસાંમાં જાય છે ત્યારે તે ગંદું હોય છે. ત્યાં ફરીને શુદ્ધ બને છે અને ફરીને શ્વાસની મદદથી શરીરમાં ફરી વળે છે. આ ક્રિયા સતત દિનરાત ચાલ્યા જ કરે છે. તેને ફુરસદ મળતી નથી.

‘આપણે જાણીએ છીએ કે જ્યારે શ્વાસ દ્વારા તે શુદ્ધ હવાનો જથ્થો જોઈતા પ્રમાણમાં ફેફસામાં આવતો નથી ત્યારે શરીરમાં રહેલું રુધિર જોઈએ તેટલા પ્રમાણમાં ફરી શકતું નથી. હવામાં જે જીવનપદાર્થ (ઓક્સિજન કહેવા માંગે છે) છે તે રુધિર ભેગો ભળતો નથી. તેથી શરીરમાં અનેક પ્રકારના રોગો થયા કરે છે. શ્વાસનું જોઈએ તેવું આવાગમન થતું નથી તો લોહીનો રંગ બદલાઈને આસમાની રંગનો થઈ જાય છે (જ્યારે હાર્ટ એટેક આવે છે ત્યારે નખનો રંગ આસમાની થઈ જાય છે તે નજરે જોવા મળે છે) અને તેનું શરીર અને મુખ ફિક્કાં પડી જાય છે. પરંતુ જો શ્વાસની

ક્રિયા સારી રીતે અને બરોબર રીતે કામ કરતી રહે છે તો શરીર સ્વસ્થ અને રાતું જણાય છે. સ્ફૂર્તિ રહે છે અને મન પણ સ્વસ્થ રહે છે. શુદ્ધ હવાથી પાચનક્રિયા પણ સારી રહે છે. દિનપ્રતિદિન શરીર તંદુરસ્ત બનતું જાય છે.

'આ હકીકત મેં તમને કહી તે તમારે બરોબર સમજવી જોઈએ. તમે અત્યારે જે પ્રાણાયામવિધિ કરો છો તે સારી છે અને તે વિદ્યા સારાં ફળ આપનારી છે. માટે આ ક્રિયા ચાલુ રાખશો. તેનું ફળ સારું જ પ્રાપ્ત થશે. ધીરજ રાખવાની જરૂર છે. આ યોગકાર્યમાં ઉતાવળાપણું કામ આવે નહિ.'

આ રીતે વૈજનાથજીએ અભ્યાસ શરૂ કર્યો. બ્રહ્મચારીએ કહ્યું કે, 'જેમ જેમ તમે અભ્યાસમાં આગળ વધશો તેમ તેમ તમને ન ધારેલા કે ન કલ્પેલા અનુભવો થવા લાગશે. જેવી આશા રાખતા ન હો તેવા પ્રસંગે આવશે. આ વિદ્યાનું જ્ઞાન જેમ જેમ આગળ વધશે તેમ તેમ તમારી કીર્તિ વધતી રહેશે અને માગેલાં ફળ મળતાં રહેશે. એટલું જ નહિ, પણ પ્રકાશના કરવાવાળા સર્વના ઈશ્વર શિવ અને મહાન દેવો તુરત દર્શન આપશે. અત્યારે તમે જે પ્રાણાયામ કરો છો તેમાં કેટલોક ફેરફાર કરવાની જરૂર છે. તેના ઉપર તમારે લક્ષ આપવું જોઈએ. કારણકે આ વિદ્યાનો આધાર શ્વાસ છે. તે શ્વાસમાં કેવો ફેરફાર કરવો જોઈએ તેની હું સૂચના આપું છું. પ્રાણાયામ માટે કહ્યું છે કે :

પ્રાણાયામ કરવાથી, નાડીચક્ર સ્થિર થાય,
પૂરક, રેચક, કુંભકે, પાપ સર્વ બળી જાય. ૧
નાડી બહુએ પ્રકારની, તેમાં દસે પ્રખ્યાત,
ઈડા, પિંગલા, સુષુમણા, એ ત્રણ ઉત્તમ જાત. ૨
ઈડામાં શ્વાસ ભરે, સોળ જપે ૐકાર,
પછી ચોસઠ કુંભક કરી, ૐકારે આધાર. ૩
કુંભક કરી રેચક કરે, પિંગલા કાઢે બહાર,
બત્રીસ ૐકાર જપીને ઊલટ ધરે જો ચાર. ૪
ચાર વાર જે એમ કરે, ધરી અંતર દૃઢ ટેક,
સિદ્ધ કરે ત્રિકમને, પ્રાણાયામ તો એક. ૫

'આ પ્રમાણે જ્યારે તમે કરશો ત્યારે તમને તે સતય સમજાશે. હાલ તમે કુંભક કરો છો તે પણ બરાબર નથી. મારા બતાવ્યા પ્રમાણે કરવાથી તમારો કુંભક સુધરી જશે. તેમાં જેમ જેમ તમે વધતા જશો તેમ તેમ તમારી ખ્યાતિ પણ વધતી જશે. બુદ્ધિ, બળ અને આરોગ્યના તેજવાળા થશો. અત્યાર સુધી તમે જે મહેનત કરી છે તે અમુક અંશે સંતોષકારક છે. તે મારા કહેવા પ્રમાણે કરવાથી પાયા ઉપર આવી જશે.

'આવી રીતે પ્રાણાયામ દરરોજ ત્રણ વખત કરવાથી કાયિક, માનસિક અને વાચિક પાપ દૂર થાય છે. સોળ પ્રાણાયામ એક માસ કરવાથી બાળહત્યાનું પાપ નાશ પામે છે. છ માસ સોળ સોળ પ્રાણાયામ કરવાથી જન્મનાં અજ્ઞાત પાપો નાશ પામી જાય છે. એક વર્ષ કરવાથી બ્રહ્મહત્યાદિક પાપો નાશ પામે છે. આ પ્રમાણે અભ્યાસ કરીને સાધકે એંસી પ્રાણાયામ કરવાથી તમામ જાતનાં પાપો નાશ પામે છે. પ્રાણાયામના અભ્યાસથી જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, શરીરમાં લઘુતા આવે છે, આરોગ્યવાન રહી શકાય છે, ઈન્દ્રિયોના વિષયોની લોલુપતા શાંત થઈ જાય છે અને મસ્તક સાથે સીધો સંપર્ક સાધી શકાય છે. આ સિવાય પણ અનેક લાભો થાય છે. સર્વ કાર્યોમાં પ્રાણાયામ સહાયભૂત થાય છે. આ વખતે તમને આટલું જ કહું છું.

'પ્રાણાયામના અભ્યાસથી નાદ પ્રદીપ્ત થાય છે. તેવા દશ નાદ છે. તે બાબતમાં તમે જેમ જેમ આગળ વધશો તેમ તેમ તમને ખબર પડતી જશે. તે સંબંધમાં અત્યારે કહેવાની જરૂર નથી.'

આ પ્રમાણે વાતચીત થયા પછી વૈજનાથજીએ પ્રાણાલાલને પૂછ્યું કે, 'મહારાજ ! આગળ વધવા માટે આપ મને કાંઈક બતાવો તો સારું જેથી મારા અભ્યાસમાં સરળતાથી આગળ વધી શકાય. તેવી કોઈ ક્રિયા હોય તો બતાવવા કૃપા કરો.' તે સાંભળી તેમણે કુંજરક્રિયા બતાવી અને શીખવવાનું શરૂ કર્યું. પ્રાણલાલે આ ક્રિયા પ્રથમ શીખવી. તે ક્રિયા રાજકરણીના જેવી છે. પ્રથમ ભટ્ટજીને ઉભડક બેસાડીને નવશેકું પાણી પાંચ-છ શેર પાઈ દીધું. ત્યાર પછી ગળામાં આંગળાં ઘાલીને ઉપજિહ્વાને અડકાડીને તુરત બધું પાણી બહાર કાઢી નંખાવ્યું. આ ક્રિયા બરોબર શીખવવામાં આવી. પરંતુ જો પેટમાં તેવું પાણી રહી જાય તો સાધક આજારી (રોગી) થઈ જાય છે. તે કારણથી બ્રહ્મદાતણની ક્રિયા કરવાની જરૂર છે. તે કેવી રીતે કરવી તે બતાવ્યું અને સૂચનાઓ આપી. જો કુંજરક્રિયામાં મુશ્કેલી આવે અને પેટમાં પાણી રહીગયું છે તેમ લાગે તો જ બ્રહ્મદાતણની ક્રિયા કરવી.

બ્રહ્મદાતણ : એક અંગૂઠા જેવડું આશરે એક ગજ લાંબું વડનું દાતણ લેવું. તેને એક બાજુ કચરી બારીક કૂચો તૈયાર કરવો. તે દાતણ ઉપરની છાલ કાઢી નાખવી. ગુદાને સંકોચીને તે દાતણ ગળામાં અંદર બાજુ મુખદ્વારે નાખવું. આ વખતે શ્વાસને બંધ રાખવો, ડાબી તરફ જવા દેવું અને જ્યાં ત્યાં સહેજ ફેરવવું. પછી બહાર કાઢવું. આ પ્રમાણે જીભના મૂળ પછી અન્નનળી તથા શ્વાસનળીના મુખ પાસે જે ઉપજિહ્વા (પડજીભ) રહેલી છે તે દાતણને. અંદર જતાં અટકાવે છે. તેથી થોડી વાર શ્વાસ બંધ રાખીને નિર્ભયપણે અંદર નખાવ્યું. (આ ક્રિયા પ્રાણલાલે પાસે રહીને વૈજનાથજીને કરાવી હતી). આ પ્રમાણે કરતાં કાચી અને અપરિપક્વ બુદ્ધિવાળાને

ભય લાગે છે. તેથી ઊલટી થાય છે. પરંતુ ભટ્ટજીને તેવું કાંઈ થયું નહિ. આ પ્રમાણે બ્રહ્મદાતણ કરવાથી ઉદરમાં જે કફ અને પિતાદિ હોય છે તે પાણીની સાથે બહાર નીકળી જાય છે. તેથી ચિત્તનું અને શરીરનું ભારેપણું દૂર થાય છે. મળ અને મૂત્ર તેના દ્વારેથી બહાર નીકળી જાય છે. આવાં કામ કરનારા સાધકે ગરમ પદાર્થોનો ત્યાગ કરવો જોઈએ, ખાવા ન જોઈએ. તેથી મનની બેચેની દૂર થાય છે.

ભટ્ટજીએ આ ક્રિયા પ્રાણલાલ પાસે રહીને બરોબર લાંબો સમય કરી હતી. આ પ્રાણાયામક્રિયા તેમને કાયમ માટે ખૂબ જ ઉપયોગી થઈ પડી હતી. પછી કુંભક પ્રાણાયામમાં પણ સફળતા મળતી રહી.

હઠયોગના પ્રાણાયામમાં 'હ' એટલે સૂર્ય અથવા પ્રાણ અને 'ઠ' એટલે ચંદ્ર અથવા અપાન એ બન્નેને એકત્ર કરવાની સાહસિક ક્રિયા છે. શ્વાસોચ્છ્વાસની ગતિનો અવરોધ કરીને પ્રાણને રોકવો એ જ પ્રાણાયામ છે.

આ વિદ્યા સર્વને પાવન કરનારી છે. શાન્ત ચિત્તવાળા, નિર્મળ, નિષ્પાપી, વિધિયુક્ત નિષ્કામ કર્મ કરનારા, કામસંકલ્પરહિત, યમનિયમ પામનારા, સર્વસંગવિવર્જિત વિદ્વાન, ક્રોધ જીતનાર, સત્યધર્મપરાયણ, ગુરુસેવામાં પ્રીતિવાળા, સુશિક્ષિતને જોવા તથા સાંભળવાના વિષયોથી જેનું મન વિરક્ત છે ,એવા અધિકારી બની, તેમણે આ કામમાં પોતાની ચિત્ત-શક્તિને પ્રેરેલી છે.

વળી પોતે આસનજિત થયા હતા. ઈન્દ્રિયોને જીતી હતી. ખાન-પાનમાં પથ્ય ભોજન કરતા હતા. બહાર ભોજન કરવામાં પોતે હંમેશા પોતાનો મત પાછળ રાખતા હતા.

પ્રાણાયામ બે પ્રકારના છે : એક સગર્ભ અને બીજો અગર્ભ. પ્રાણાયામના મંત્ર સહિત પ્રાણાયામ કરવો તે સગર્ભ છે. તે વિના કરવો અગર્ભ છે.

કુમ્ભક પ્રાણાયામ ત્રણ પ્રકારના છે : રેચક પ્રાણાયામ, કુંભક પ્રાણાયામ, કુંભક પ્રાણાયામ અને પૂરક પ્રાણાયામ. તે સર્વનો આધાર વાયુ ઉપર રહેલો છે. જેનો વાયુ ચલાયમાન હોય છે તેનું ચિત્ત પણ ચલાયમાન હોય છે. વાયુ સ્થિર હોય તો ચિત્ત સ્થિર અને શાન્ત રહે છે. આવો અનુભવ વૈજનાથજીને થવા લાગ્યો હતો. આ રીતે પ્રાણ શબ્દને માટે સંપૂર્ણ અથવા ઉત્તમ બળ છે તેમ કહેવામાં આવે છે. આવા પ્રયોગો કરવાથી તેમને પૂરી ખાતરી થઈ હતી. સચેત પ્રાણીઓમાં જે શક્તિ રહેલી છે અથવા બળ રહેલું છે તેનું કારણ આ પ્રાણ જ છે એવી પ્રતીતિ અભ્યાસ કરવાથી થઈ હતી. આ રીતે ચેતનાવાળાં પ્રાણીઓ જડ પદાર્થોથી જુદાં પડી જાય છે.

ફેફસામાં આકર્ષેલા અને લોહીમાં સંમિશ્ર થયેલા આ પ્રાણતત્ત્વનો પછી મગજમાં અને વિવિધ ચક્રોમાં જ્ઞાનતંતુઓના મધ્યબિન્દુમાં સંચય થાય છે. ત્યાંથી પ્રસંગોપાત્ત

જીવાભિમાની વડે થતી વિવિધ ક્રિયાઓમાં તેનો ઉપયોગ થાય છે. જેમ બૅટરી વિદ્યુતનો સંગ્રહ પોતાનામાં કર છે અને પછી જ્યારે જરૂર પડે ત્યારે કામ આપે છે તેવી રીતે યોગસાધકો પ્રાણાયામ વડે પ્રાણતત્ત્વનો પોતાનામાં સંચય કરે છે અને સાધનામાં તેનો ઉપયોગ કરતા હોય છે. તેવા કેટલાક ચમત્કારો વૈજનાથજીને પ્રાણતત્ત્વથી થયાની પ્રતીતિ વારંવાર થવા લાગી હતી.

આ ક્રિયા કરતા હતા ત્યારે સાથે સાથે કોઈ સાધુ વગેરે મંત્રજંત્રની વાતો કરે તો તેમાં ભટ્ટજી ભાગ લેતા હતા. એક સમયે કોઈએ વૈજનાથજીને વાત કરી કે તમારા મકાન પાસે અપાસરો છે. તે અપાસરામાં કોઈ મુનિજી આવેલા છે. તે મુનિજી (ગોરજી) ભૂત પ્રત્યક્ષ બતાવે છે. તે જાણીને ભટ્ટજી પોરબંદરના ગોરજી પૂનમચંદ પાસે ગયા હતા. તેમણે (ગોરજીએ) ભૂત બતાવવાનું નક્કી કર્યું. એક દિવસ નક્કી કરીને તેઓ લીંબડીના ભોગાવામાં ગયા. ભટ્ટજીએ સાથે ખાનગી રીતે પિસ્તોલ રાખી હતી. ગોરજીએ મધ્ય રાત્રિએ પૂજા કરાવી. પછી ગોરજીએ એક રાવલને સાધ્યો હતો. તે કાળો કામળો ઓઢીને રાખના ભડકા કરતો હતો તે સામે આવ્યો. ભટ્ટજીએ પિસ્તોલનો અવાજ કર્યો. તે રાવલ ગભરાઈ ગયો અને પકડાઈ ગયો અને કહ્યું : 'હું રાવલ છું (રાવલ એટલે ભૂવો), ગોરજીએ મને આવો વેશ લેવા કહ્યું હતું. મને રૂપિયા બે આપવાનું નક્કી કર્યું હતું.' આ રીતે ગોરજીની ચાલાકી બહાર આવી ગઈ હતી. ભટ્ટજીને કોઈ બનાવી જાય તેમ ન હતું. કારણ કે તેઓએ આવા અનેક પ્રયોગો પહેલાં કર્યા હતા અને સ્મશાનમાં ઘણી સાધનાઓ પણ કરી હતી. ભટ્ટજી સતર્ક રહીને આવા દંભીઓનું પોકળ ખુલ્લું પાડી દેતા હતા.

વૈજનાથજીનો અભ્યાસ દિનપ્રતિદિન વધતો રહ્યો હતો. તેઓશ્રીએ અનેક પુસ્તકોનો અભ્યાસ કરીને પ્રાણાયામની રીત, જરૂરિયાત અને તેથી કેવા લાભ થાય છે તેનો જાતઅનુભવ કર્યો હતો. તે વિષે જણાવતાં વૈજનાથજી કહે છે કે, ખાસ કરીને પાતંજલયોગદર્શનમાં કહ્યું છે કે, 'तस्मिन् सति श्वासप्रकश्वासयोर्गतिविच्छेदः प्राणायामः ॥ પા૦ યો. ૬. ૪૯ ॥ ક્રમશઃ

**"શ્રી શંકર જગન્નાથ તીર્થ" માંથી**

બળદેવભાઈને એ વખતે તાવ આવતો હતો. પણ શિવજીએ કહેલું તેથી મોટાભાઈ શ્રી ગોરધનભાઈ સાથે કડી આવ્યા. બંનેને આવેલા જોઈને ગુરુજીએ પૂછયું, 'કેમ આવ્યા ?'

'દર્શન કરવા. બળદેવભાઈને કાલે પરીક્ષા છે. એટલે શિવજીએ આપનાં દર્શન માટે કહ્યું છે.' ગોરધનભાઈએ કહ્યું.

'સારું. ગુફામાં મોગરાનાં ફૂલ છે તે લઈ આવો.'

ગોરધનભાઈ ગુફામાં જઈને મોગરા લઈ આવ્યા. એક રકાબીમાં ખોબો ભરીને તાજા મોગરા મઘમઘતા હતા. રકાબી લાવીને ગુરુજી આગળ મૂકતાં.... ગુરુજીએ કહ્યું, 'બળદેવભાઈ ને આપો !'

ગોરધનભાઈ બળદેવભાઈને ફૂલ આપતા હતા ત્યારે ગુરુજીએ સૂચના આપી, 'પરીક્ષા વખતે પાસે રાખવાના.'

બીજા દિવસથી પરીક્ષા હતી અને બળદેવભાઈને તાવ ખૂબ ચઢેલો, પણ શું થાય ? રિક્ષામાં પરીક્ષા આપવા જાય અને રિક્ષામાં પાછા આવે. એ પ્રમાણે જાય ને આવે તાવમાં ને તાવમાં બધાં પેપરો આપ્યાં. જેવું લખાણું તેવું લખ્યું.

બળદેવભાઈ જાણતા હતા કે પાસ થવાય એમ નથી. તેથી પરિણામના દિવસે તેમને કાંઈ ઉત્સાહ કે ઈંતેજારી નહોતી. એકાદ પેપર ખરાબ ગયું હોય તો સમજી શકાય, પણ બધાં જ પેપરમાં ઠેકાણું ન હોય ત્યાં પાસની આશા ક્યાંથી હોય ? પરિણામની ધારણા તેમણે કરી જ લીધેલી; પછી દોડાદોડી શું કરવા કરે ?

પણ ગોરધનભાઈએ ટેલિફોનથી વર્તમાનપત્રની ઓફિસમાં નંબર આપીને પુછાવ્યું તો જવાબ આવ્યો કે પાસ છે. તેથી આશ્ચર્ય થયું. લાગ્યું કે કંઈક નંબરમાં ભૂલ થઈ હશે. પછી તો બીજાં બે વર્તમાનપત્રની ઓફિસે ટેલિફોનથી તથા માણસ મોકલીને તપાસ કરી. ત્યાંથી પણ પાસના જ સમાચાર આવ્યા. પણ બળદેવાભાઈને વિશ્વાસ આવે નહિ. તેઓ કહે, 'એ બને જ કેમ?' આશંકાને કારણે એ સાંજે પાસના સમાચાર દબાવી રાખ્યા; કોઈને કહ્યા નહિ.

બીજા દિવસે સવારના વર્તમાનપત્રમાં બી.એ.નું પરિણામ બહાર પડ્યું પણ બળદેવભાઈ તો આઠ વાગ્યા તોય ઊઠ્યા જ નહિ; સૂઈ રહ્યા. પણ ગોરધનભાઈ ઝટપટ વર્તમાનપત્ર લઈને બેસી ગયા અને નંબર શોધી કાઢ્યો. બરાબર ખાતરી કરીને છાપું લઈ ને દોડ્યા. બળદેવભાઈને ઉત્સાહથી કહે, 'બળદેવ! સૂતો છે શું ? જો, આ છાપામાં તારો નંબર ખરેખર આવ્યો છે. ગુરુજીની દયાથી તું પાસ છે, ઊઠ!'

ત્યારે બળદેવભાઈ ઊઠ્યા. તેમના મુખ ઉપર મલકાટ હતો. ગોરધનભાઈના અંતરમાં આનંદ હતો.

★ ★ ★ ★ ★

એક વખત ધનસુખભાઈ કડી ગયેલા. શાંતાબહેન સંબંધી વાત નીકળતાં ગુરુજી કહે, 'તમારાં માસીબા (શાંતાબહેન) અત્યારે શું કરે છે, કહું ? જુઓ, ચંદ્રપ્રકાશ સોસાયટીવાળા મકાનમાં પ્રવીણભાઈના ઘરના બારણા આગળ બેઠાં બેઠાં ઘઉં વીણે છે.'

ધનસુખભાઈએ અમદાવાદ આવ્યા પછી માસીબાને (શાંતાબહેનને) આ વાત કરી. શાંતાબહેનના મુખ ઉપર હાસ્ય ફરી ગયું. કહે, 'ખરી વાત છે. બરાબર એ જ સમયે હું તમારા ઘરના બારણા આગળ બેસીને ઘઉં વીણતી'તી.

★ ★ ★ ★ ★

ઈ.સ. ૧૯૬૧-૬૨ ના અરસામાં હું અમદાવાદ વાડીગામમાં રહેતો ત્યારે ગુરુજી મારા ઓરડામાં પધારેલા. સાંકડા દાદરાવાળી નાની બે ઓરડીઓમાં હું રહેતો હતો. ઉપર નાળિયાંવાળું છાપરું હતું. ઉંદરનો પણ ત્રાસ હતો. અને ભાડવાતે પાળવાના નિયમો મુજબ વર્તવાનું બંધન વધારામાં. એકજ દૃષ્ટિમાં મારા રહેઠાણની તકલીફનો તેમને ખ્યાલ આવી ગયો. તે વખતે તો પોતે કાંઈ બોલ્યા નહિ. પણ ત્યારબાદ જ્યારે હું કડી દર્શનાર્થે ગયો ત્યારે કહે, 'બચુભાઈ! તમારે રહેવાનો બહુ ત્રાસ છે. બીજું મકાન મળતું નથી? બદલી નાખોને.'

'મકાન તો, ગુરુજી! જોઈએ એટલાં મળે છે. પણ ભાડું પોસાવું જોઈએને?'

સાંભળીને ગુરુજી અર્ધી ક્ષણ થંભ્યા અને કહે, 'હા, એ વાત ખરી. અત્યારે શું ભાડું ભરો છો?'

'પચાસ રૂપિયા.' મેં કહ્યું.

'એટલું બધું! ઘણું કહેવાય. અડધો પગાર તો ભાડામાં જ જતો રહે.' સહાનુભૂતિભર્યા સ્વરે ગુરુજીએ કહ્યું અને ઉમેર્યું, 'તો તો સારું સગવડવાળું મકાન લેવા જતાં સહેજે સવાસો દોઢસો રૂપિયા આપવા પડે. આખો પગાર જ ભાડામાં જતો રહે.'

'સારા મકાન માટે મોંઘા ભાડાની મુશ્કેલી રહે જ છે.' મેં કહ્યું.

સાંભળીને કંઈ વિચારમાં પડ્યા. પછી પૂછે, 'તમારી મિલમાં ક્વાર્ટસ નથી ?'

પ્રશ્ન હલ કરવાની ગુરુજીની રીત અસરકારક હતી. મિલના ક્વાર્ટસ સુધી કેવી દૃષ્ટિ દોડાવી !

મેં કહ્યું, 'ક્વાર્ટસ તો છે..... પણ.....'

'તો તેના માટે ટ્રાય કરોને.'

પાંચ વર્ષથી હું ક્વાર્ટસ માટે પ્રયત્ન કરતો હતો પણ કંઈ થતું નહોતું. આ વખતે ગુરુજીના મુખેથી ક્વાર્ટસની વાત નીકળતાં આશા બંધાઈ.

મેં કહ્યું, 'આ વખતે જઈને વાત કરીશ.'

મને ખાતરી કરાવતાં આગળ વધીને ગુરુજીએ ત્યાં સુધી કહ્યું, 'તમારા મકાન-માલિકને કહી દો કે, ''લઈ લો તમારું મકાન.'' એને ખાલી કરીને આપી દો.'

અમદાવાદ આવીને મિલમાં ગયો. ક્વાર્ટસ સંબંધી તપાસ કરતાં ખબર પડી કે ક્વાર્ટસ ખાલી છે. મેનેજર સાહેબને મળીને વાત કરી. પાંચ વર્ષથી નહોતું પતતું તે તરત જ પતી ગયું. બીજે જ દિવસે તેમણે ક્વાર્ટસની ચાવી મને આપી દીધી. આમ મકાનની મારી તકલીફ દૂર થઈ ગઈ.

★ ★ ★ ★ ★

શિવભગવાનના ભત્રીજા શ્રી ગજાનનભાઈ ભટ્ટ અંકલેશ્વરમાં રહે. તેમને ડી.ટી.સી.નો કોર્સ કરવાનો હતો. ડી.ટી.સી. માટે તે વખતે ફક્ત મુંબઈ અને અમદાવાદમાં જ કૉલેજ હતી. તેથી તેઓ અમદાવાદ આવ્યા. પણ પ્રવેશ માટે પુષ્કળ પડાપડી હતી. સંજોગવશાત્ તેમને પ્રવેશ ન મળ્યો. ઘરની સ્થિતિ વગેરેનો વિચાર કરતાં આ વર્ષે જ એડ્મિશન મળે એ ખૂબ જરૂરી હતું. પણ તેમ ન થતાં તેઓ નિરાશ થઈ ગયા.

તે સમયે શિવજીનો દેહ છૂટી ગયેલો હતો. શિવજીએ તેમને કહી રાખેલું કે કાંઈ પણ મૂંઝવણ હોય તો તારે સ્વામીજી (ગુરુજી) પાસે કડી જવું. અગાઉ ગુરુજીનો ખાસ સંપર્ક નહિ થયેલો પણ શિવજીના વચન અનુસાર પોતાની મૂંઝવણ જણાવવા તેઓ કડી ગયા.

ગુરુજીને વંદન કર્યાં અને ડી.ટી.સી. કૉલેજમાં પ્રવેશ ન મળ્યો તે સંબંધીની મૂંઝવણ જણાવી.

શાંતિથી વાત સાંભળીને ગુરુજીએ કહ્યું, 'એડ્મિશન મળી જશે.'

કૉલેજ ચાલુ થઈ ગયાને ઘણો વખત થઈ ગયો હતો. હવે એડ્મિશન કેવી રીતે મળે એ ગજાનનભાઈને સમજાતું નહોતું.

પણ એક માસ બાદ જ્યારે અમદાવાદથી પત્ર આવ્યો ત્યારે ગજાનનભાઈ આનંદ અને આશ્ચર્યમાં ડૂબી ગયા. તેમાં જણાવ્યું હતું કે વઢવાણમાં ડી.ટી.સી.ની

નવી કૉલેજ ખૂલી છે અને તમારું નામ ત્યાં મોકલ્યું છે. ગજાનનભાઈ વઢવાણ ગયા. તેમને ત્યાંની કૉલેજમાં એડ્મિશન મળી ગયું.

★ ★ ★ ★ ★

ડી.ટી.સી.માં પ્રવેશ મળ્યા બાદ ગજાનનભાઈ વઢવાણમાં શ્રી દોલતરામભાઈ ઠાકરના મકાનમાં રહીને અભ્યાસ કરી રહ્યા હતા. કર્મયોગે એવું બન્યું કે પરીક્ષાનો સમય નજીક આવ્યો. બરાબર તે જ વખતે તેઓ સખત બીમાર પડી ગયા. એવા બીમાર કે પથારીમાંથી ઊઠી પણ ન શકે. તેઓ ખૂબ મૂંઝાણા, શું કરવું? જો તબિયત જલદી ન સુધરે તો પરીક્ષામાં વાંધો આવી જાય. અને આખા વર્ષની મહેનત અને તે અંગે થયેલો રૂપિયા એક હજારનો ખર્ચ માથે પડે. આ પરિસ્થિતિ સંબંધી એક વિગતવાર પત્ર ગજાનનભાઈના કહેવાથી તેમનાં પત્નીએ ગુરુજીને લખ્યો.

આ બાજુ દોલતરામભાઈનાં બહેન શ્રી શાંતાબહેનને ગજાનનભાઈની બીમારીના સમાચાર અમદાવાદમાં મળતાં તેઓ તરત વઢવાણ આવ્યાં. ગજાનનભાઈની સ્થિતિ જોઈને તેમને તાત્કાલિક લીંબડી હૉસ્પિટલમાં દાખલ કરવા તેમણે તજવીજ કરી. બીજે દિવસે એમ્બ્યુલન્સ કાર તેમને લઈ જવા આવવાની હતી. એ જ દિવસે તેમનો પત્ર ગુરુજીને મળ્યો અને બન્યું એવું કે નક્કી કર્યા છતાં એમ્બ્યુલન્સ કાર આવી નહિ.

બીજે દિવસે સવારે નવ વાગ્યા સુધી ગજાનનભાઈ સૂઈ રહેલા. આંખો ખૂલી ત્યારે આશ્ચર્યકારક રીતે તેમને પોતાની બીમારીનું વિસ્મરણ થઈ ગયું. તેમને થયું કે પોતે સૂઈ કેમ રહ્યા છે ? તંદુરસ્ત માણસની જેમ તેઓ વગર તકલીફે પથારીમાંથી બેઠા થઈ ગયા. શી ખબર અશક્તિ ક્યાં ચાલી ગઈ ? રવેશમાં આવેલા બાથરૂમમાં જઈ પ્રાતઃવિધિ પતાવી કપડાં બદલાવ્યાં અને નીચે તેમનાં પત્ની રાંધતા હતાં ત્યાં ગયા. તેમને નીચે ઊતરી આવેલા જોઈને તેમનાં પત્ની આશ્ચર્યથી તેમની સામે જોઈ રહ્યાં. તેમની સમજણમાં કાંઈ નહોતું આવતું. તેમણે પૂછયું, ‘તમે નીચે કેવી રીતે આવી શક્યા ?’

પ્રશ્નથી નવાઈ પામીને ગજાનનભાઈ કહે, ‘કેમ વળી ? કેવી રીતે તે ચાલીને આવ્યો.’ પછી કહે, ‘મારે નર્મદાબાને ત્યાં જવું છે.’

તેમનાં સ્ત્રી આશ્ચર્યથી જોતાં રહ્યાં અને ગજાનનભાઈ ચાલી નીકળ્યા. વાઘેશ્વરીચોકમાં આવેલાં શ્રી નર્મદાબહેનના ઘેર પણ પહોંચી ગયા. જઈને આરામથી હીંચકા ઉપર બેઠા. નર્મદાબહેન પણ તેમને આવેલા જોઈને નવાઈ પામી ગયાં કે આમને તો હૉસ્પિટલમાં દાખલ કરવાના હતા ને અહીં કેવી રીતે આવ્યા !

નર્મદાબહેને પૂછયું, 'ગજાનન! તબિયત કેમ છે ?'

'સારી છે.' તેમણે કહ્યું પણ પ્રશ્નનો ઉદ્દેશ કળી શકાય નહિ.

'તમે ચાલીને આવ્યા ?' નર્મદાબહેને પૂછયું. હજી તેમની નવાઈ શમતી નહોતી.

'હા.' ગજાનનભાઈએ કહ્યું; પણ વિચારવા લાગ્યા કે આ બધાં આવું કેમ પૂછે છે?

બીજે અઠવાડિયે શિવજીના સમાધિસ્થાને ફૂલ ચડાવવા તેઓ લીંબડી ગયા. ત્યાં પણ બધાં ભક્તજનો તબિયત સંબંધી ઉપર પ્રમાણે પ્રશ્નો પૂછતાં જ રહ્યાં. બીમારીના વિસ્મરણને કારણે ગજાનનભાઈ ગૂંચવાતા જ રહ્યા કે બધાં આમ કેમ પૂછપૂછ કરે છે ?

કેટલાક સયમ બાદ તેમને સ્મૃતિ આવી કે સંતકૃપાથી જ તેમની ગંભીર બીમારી રમત વાતમાં દૂર થઈ ગઈ હતી. ગુરુજીની કરુણાના અનુભવથી તેમનું અંતર અહોભાવથી ઊભરાઈ રહ્યું.

★ ★ ★ ★ ★

શ્રી દોલતરામભાઈ દક્ષિણની ચેટ્ટિયાર શેઠની મિલના જનરલ મેનેજર. તેઓને ગુરુજીના ચરણમાં પૂર્ણ શ્રદ્ધાભક્તિ. ૧૯૬૮ ના ફેબ્રુઆરીમાં તેઓ બેંગ્લોર હતા. તે અરસામાં એટલે કે ફેબ્રુઆરી તા. ૮-૨-૬૮ ના રોજ ગુરુજીને અમદાવાદ હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. દોલતરામભાઈને તો ગુરુજીની આ ગંભીર આખરી બીમારીની કોઈ જાણ નહોતી પણ કોઈ દૈવીપ્રેરણાથી તેમણે તેમનાં પત્ની અ.સૌ. પુષ્પાબહેન, પુત્રશ્રી દિનસુખરાય તથા નાની પુત્રી ચિ. ધર્મજ્ઞાને બેંગ્લોરથી અમદાવાદ રવાના કર્યા. આ ત્રણે જણાં તા. ૧૦-૨-૬૮ના રોજ અમદાવાદ ઊતર્યાં. ત્યાં તેમને ખબર પડી કે આજે જ ગુરુજીએ દેહ છોડી દીધો છે. તેઓ તરત જ કડીની ગાડીમાં બેસી ગયાં અને પૂજ્યશ્રીનાં અંતિમ દર્શન અને મહાયાત્રાનો લાભ પામ્યાં. નહિતર કાયમનો વસવસો રહી જાત.

દોલતરામભાઈને ગુરુજી દેવ થઈ ગયાનો તાર કરવામાં આવ્યો. તા. ૧૧મીએ સવારે તેઓ બેંગ્લોરથી મૈસૂર જવા ટ્રેનમાં બેઠા. ત્યાર પછી બેંગ્લોર સ્ટેશને સવારે અગિયાર વાગ્યે તેમને તાર મળ્યો. અચાનક મળેલા આ સમાચારથી તેમને ખૂબ જ ઊંડો આઘાત થયો અને અસ્વસ્થ થઈ ગયા. પોતાને કાંઈ પણ જાણ વગર, કલ્પના બહાર, અચાનક આમ કેમ બન્યું તે વિચારથી તેઓ ખૂબ દુ:ખી થઈ ગયા.

ટ્રેનમાં આખા રસ્તે માનસિક અશાંતિ રહી. મૈસૂરમાં શેઠના ભાણેજ શ્રી રામસ્વામી મળ્યા. એ જ માનસિક સ્થિતિમાં મૈસૂરથી મોટર રસ્તે આશરે ત્રણસો કિલોમીટર દૂર ચેટ્ટિયાર શેઠની મર્કારા એસ્ટેટે રાતના લગભગ દશ વાગ્યે પહોંચ્યા. કોઈ રીતે ચેન પડતું નહોતું. મોડેથી પોતાના ખંડમાં સૂવા માટે ગયા. ઊંઘનો તો સવાલ જ નહોતો. ગુરુજીના વિરહદુ:ખથી અત્યંત વ્યથિત હૃદયે, શૂન્યમનસ્કતાથી ખાટલા ઉપર બેસી રહ્યા. બહારની દુનિયા તો એવી જ ભરીભરી નિદ્રામાં પોઢી હતી. પણ દોલતરામભાઈ ખોવાયાશા અસહ્ય એકલવાયાપણામાં જાગતા ઝૂરી રહ્યા હતા. ગુરુમહારાજનું સ્મરણ રહી રહીને દુ:ખી કરી રહ્યું હતું. આખો ખંડ જાણે શોકથી ભરાઈ ગયો. મધરાતના બારનો શુમાર થયો હશે, અને શોકડૂબ્યા દોલતરામભાઈને ખંડના હવામાનમાં નવીન ફેરફારનો અણસાર આવવા લાગ્યો. જાણે ખંડનું વાતાવરણ સુગંધિત ધૂપની મધુરી સૌરભથી ભરાવા લાગ્યું. થોડા સમયમાં તો આખો ખંડધૂપધૂમ્ર અને સુવાસથી છાઈ રહ્યો. આ અભિનવ અલૌકિક અનુભવ હતો. દૈવે જાણે તેમની દુ:ખની વૃત્તિને, આ નવીન આશ્ચર્યમાં વિસ્મૃત કરીને, હૃદયમાં શાંતિ આપવા માંડી. ખાટલા ઉપરથી બાજુના ખંડનું જે બારણું સ્પષ્ટ દેખાતું હતું તે પણ ધૂપધૂમ્રના ગોટાથી રચાયેલા વાદળથી આચ્છાદિત થઈ ગયું. દોલતરામભાઈ આશ્ચર્યવત્ આ બધું જોઈ રહે છે ત્યાં જ એ ખંડના બારણામાં છાયેલા વાદળસમૂહમાંથી દિવ્ય શરીરધારી ગુરુમહારાજ પધાર્યા. એ ખંડમાંથી જ ચાલતા આવતા જણાયા. મુખમંડળ ઉપર અપ્રતિમ તેજ હતું. દોલતરામભાઈ આનંદ-આશ્ચર્યથી ઊભરાતા હૈયે એકદમ ખાટલા ઉપરથી ઊઠ્યા અને શ્રીચરણોમાં સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. ગુરુજીને બંને હાથ ઊંચા કરી આશીર્વાદ આપ્યા અને ખંડમાં ખુરશી હતી તેના ઉપર બિરાજ્યા. સાક્ષાત્ પધારી દોલતરામભાઈને પ્રતીતિ કરાવી કે પોતે હયાત છે અને ઝૂરતા, તડપતા ભક્તહૃદયને દર્શન પણ આપે છે. આ સાક્ષાત્કાર થતાં જ દોલતરામભાઈના વિરહદગ્ધ હૃદયમાં શાંતિ વ્યાપી ગઈ અને ચિત્ત પ્રસન્ન થયું.

ગુરુજીની હયાતીની પ્રતીતિથી ઉત્પન્ન થયેલી સુખદ મનોસ્થિતિમાં તેમને નિદ્રા આવી ગઈ.

★ ★ ★ ★ ★ **"સંન્યાસી" માંથી**

# સંત કબીર

કળિયુગમાં હરિનું નામ જ સર્વને તારનારું છે. મોટા ભાગના સંતો ભગવાનના ભજનથી જ પ્રખ્યાત થયા છે. દા.ત. મીરા, સુરદાસ, રૈદાસ, નરસિંહ મહેતા. આ બધાયે જીવનપર્યંત પ્રભુ શરણાગતિ જ સ્વીકારી છે. સંત કબીર પણ તે કક્ષાના છે. કબીરના જન્મ બાબતમાં ઘણી કથા છે. પરંતુ ભક્ત વિજય ગ્રંથના આધારે કબીર શુકદેવજીનો અવતાર છે અને કાશીમાં લહરતારા તળાવમાં કમળના ફૂલમાંથી પ્રાપ્ત થયા. નીરૂ નામના વણકરે લાવીને પત્નિ નીમાને આપ્યા હતા.

અષ્ટ કમલકા ચરખા બનાયા, પાંચ તત્વકી પૂની,
નવ દસ માસ બૂનને કો લાગે, મૂરખ મેલી કીની
દાસ કબીરને ઐસી ઓઢી જ્યોં કી ત્યું ધર દીની ..ચદરીયા ...

"જ્યોં કી ત્યું ધર દીની" જન્મથી તે છેક મૃત્યુ સુધી એકપણ પાપ કર્યા વિના પવિત્ર જીવન પ્રભુના ચરણોમાં ધરી દીધું. જ્ઞાનમાર્ગી શનખાના મહાન સંત, સમાજસુધારક, હિન્દી સાહિત્યના અદ્વિતીય કવિ અને બ્રાહ્ય આડંબરના પ્રખર વિરોધી એટલે કબીર. સત્ય સિવાય કોઈ પરમાત્મા નહી. "મૈં કહેતા આંખનકી દેખી' ગ્રંથમાં ગમે તેટલી વાતો હોય પરંતુ પોતે જ્યાં સુધી જાણે નહિ ત્યાં સુધી માને નહિ. બનારસમાં રહી ધર્મ વિરૂધ્ધ બોલવું સહેલું નથી. બનારસ એટલે પાંડિત્યનું દ્વાર. પરંતુ કબીરે તો કાશીમાં રહી હિન્દુ અને મુસ્લિમને બરાબર લીધા છે. કબીરમાં બંને સંપ્રદાયના ગુણો હોવાથી બંને સંપ્રદાય તેમને ખૂબજ માનતા હતા. પિતાનો કાપડ વણવાનો ધંધો હતો. તેથી કબીર પણ કાપડ વણતાં. કેટલીક વાર કાપડ વણતાં વણતાં સમાધિ લાગી જતી તો વણવાનું કામ અધૂરું રહેતું પરંતુ તે વખતે ખુદ પરમાત્મા તેમનું કાર્ય કરતા. કબીરના પત્નિનું નામ લોઈ હતું. તેમની પત્નિમાં ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય તો હતા જ સાથે સાથે મહાન પતિવ્રતા. પતિને જ પરમેશ્વર ગણે તેમના માટે કબીર કહે એટલે બ્રહ્મઅક્ષર ક્યારેય તેનો વિરોધ કરે જ નહિ. આવા પવિત્ર દંપતિને ઘેર જ કમાલ જેવો પુત્ર અને કમાલી જેવી પુત્રી જન્મે. કમાલમાં બધાજ ગુણ કબીરના હતા. તે પણ રાત-દિવસ ભજનમાં મશગૂલ રહેતો અને વારંવાર તીર્થાટન જતો.

તીર્થાટનમાં ગામે ગામ રોકાતો અને ભજન કીર્તન કરતો આમ એક દિવસ ચિત્રકૂટ ધામ પહોંચે છે. ત્યાં પરમ ભાવિક અને ઉદાર એવા વિષ્ણુદાસ શાહુકારને ત્યાં રાતવાસો કરે છે. વિષ્ણુદાસ કમાલના ચરણ પખાળી ચરણામૃત લે છે. રાત્રે હરિકીર્તનમાં ગામના લોકો આવેછે. આખી રાત ભજનનો જલસો ચાલે છે. કમાલના પ્રેમયુક્ત ભજન સાંભળી શાહુકાર ખૂબજ ખુશ થાય છે. તેને થયું કે જો કમાલને ધન આપીશ તો તે લેશે નહિ. તેથી ભંડારમાંથી અમૂલ્ય હીરો આપ્યો. હીરો જોઈને તે તો નિરાશ થયો. તેણે કહ્યું કે હીરો લઈશ તો પિતાજી નારાજ થશે માટે આપ મને માફ કરો પરંતુ શાહુકાર માન્યા નહિ અને તેને ખબર ન પડે તે રીતે કોપીનના છેડે બાંધી દીધો. બીજે દિવસે કાશી જઈ પિતાને પગે લાગ્યો ત્યારે તેણે કોપીનના બાંધેલો હીરો જોયો. તેણે તો તરતજ પિતાના પગ આગળ મૂક્યો અને ઉપર મુજબની વાત કરી. કબીરે તો જેવો હીરો જોયો કે મૂર્છા આવી અને બેભાન બની ગયા. તેમના પત્નિ આવ્યા તો જોર જોરથી રડવા લાગ્યા અને કહ્યું કે પુત્રે નામ વેચી હીરો લીધો રસ્તામાં કસ્તૂરી પાથરી છેડે રાખ બાંધી લાવ્યો. પિતાના વચનથી કમાલને બહુજ દુઃખ થયું અને તત્ક્ષણ હીરો લઈ શાહુકારને આપી આવે છે. ઘરમાં પૈસા ન હોવા છતાં સાચો હીરો પાછો આપવાની ખુમારી ફક્ત ભગતમાં જ હોય.

ભ → જેને ભૌતિક ઐશ્વર્યનો ત્યાગ કર્યો હોય. અહી મારું કશુ જ નથી અને મારે કોઈની પાસે કાંઈ જોઈતુ નથી.

ગ → ગણતરી કર્યા વિના કાર્ય કરે. કાર્ય કરવામાં ક્યારેય પોતાનો લાભ ન જુએ. પોતાના કોઠારમાં હોય તે બીજાના કોઠારમાં જાય તેમ વિચારે.

ત → બીજાને તક આપે પણ કોઈનેય તકલીફ ન આપે.

આમ કબીરનો પૂરો પરિવાર ભગત હતો.

કબીર કહે કમાલકુ, દો બાતા શીખ લે,
કર સાહબકી બંદગી, ભૂખે કો અન્ન દે.

આમ જોવા જઈએ તો ઉપરોક્ત વાત સાવ સામાન્ય છે પરંતુ આટલી નાની વાત સંભાળતા કબીરે શું સહન કર્યું તે જોઈએ.

કબીરને સંતો જોઈ અનહદ આનંદ થતો અને ક્યારેય કોઈ સંત કબીરના

દ્વારેથી ભૂખ્યો જતો નહિ. એક દિવસ  આવી જ એક સંતમંડળી કબીરના ઘેર આવી રાત્રિનો સમય હતો. સંતોને જોઈ બંને સાષ્ટાંગ કરે છે. આસન પર બેસાડી આદર સત્કાર કરે છે. ત્રણેને ખબર તો હતી જ કે ઘરમાં કાંઈજ નથી પરંતુ મ્હો પર કળવા દેતા નથી. વારંવાર પડોશીઓ પાસેથી અને શાહુકાર પાસેથી ઉછીનું લીધુ હોવાથી હવે બધા મોં બગાડે છે. શું કરવું ? ઘરે આવેલા સંતોને ગમે તે ભોગે જમાડવા જ. તેમની પત્નિ લોઈએ કહ્યું કે કમાલ લઈને શાહુકારના ઘરમાં ચોરી કરી લાવો. કબીરે કહ્યું હું અવશ્ય જઈશ પણ સત્યને આંચ આવવા નહી દઉ. બાપ અને દિકરો કોદાળી તથતા તલવાર તલવાર લઈ ચોરી કરવા નીકળ્યા. શાહુકારના ઘરમાં બાકોરુ પાડી જરૂર જેટલું અનાજ વિ. લીધું. તેના પિતા માલ લઈને નીકળ્યા કમાલે કહ્યું તમે બહાર ઉભા રહો હું આવું છું.  કમાલને થયું કે ચોરીનો માલ જાણે તો સંતો ભોજન ન કરે તેથી તેણે તો વાણિયાને થાપટ મારી જાગૃત કર્યો અને કહ્યું અમે તમારા ઘરમાં ચોરી કરી છે. વાણિયો કાંઈ સમજે તે પહેલાં તો કમાલ બાકોરામાંથી બહાર નીકળવા પહોંચ્યો. વાણિયો પાછળ દોડ્યો પેલાનું માથું બારઅને ધડ અંદર કમાલે પિતાને કહ્યું વિચાર્યા વિના મારું માથું કાપી ઘરભેગા થઈ જાઓ. કબીરે તરત જ પુત્રનું મસ્તક આપી શાંતિ રાખવા કહ્યું. લોઈ આખર તો માતા હતી તે આંખોમાં અશ્રુ સાથે કહ્યું બેટા તેં આપણા વંશનો ઉધ્ધાર કર્યો અને ક્ષણનો વિલંબ કર્યા વિના પ્રભુ સ્મરણ સાથે રસોઈ કરી ઘણાજ ભાવથી આગ્રહ કરી સંતોને જમાડ્યા.

આ બાજુ શાહુકારે ફરિયાદ કરી કે મારા ઘરમાં ચોરી થઈ છે. ઘરમાં ઘણુ ઝવેરાત હતુંપણ ચોર ફક્ત અનાજ જ લઈ ગયા છે. પછી શાહુકારે ધડને ઝાડ પર લટકાવ્યું. કબીર બીજા દિવસે સંતોને વળાવવા જાય છે ત્યારે ઝાડ પર લટકતું ધડ સંતોને બે હાથ જોડી પ્રણામ કરે છે. સંતોને નવાઈ લાગે છે તેથી કબીરને પૂછે છે છે. કબીર રાત્રે જે વાત બની હતી. તે તમામ સંતોને જણાવે છે અને હાથ જોડી ઉભો રહે છે. સંતો એ કહ્યું કે જાવ તેનું મસ્તક આપો. કબીર પત્નિ મસ્તક લઈને આવી સંતોએ ધડને નીચે ઉતાર્યું અને સાચવીને મસ્તક લગાડી દીધું. આજુબાજુ ઘણાજ લોકો હતા બધાના આશ્ચર્ય સાથે કમાલ સજીવન થયો કાશીવાસી બધાને કબીર માટે ખૂબ જ માન થયું અને કહ્યું કે કબીર જ્ઞાની વૈષ્ણવ છે.

ક્યાં કાશી ક્યાં ઉસર મગહર
રામ હૃદય બસ મેરા
જો કાશી તન છોડે કબીરા
રામે કૌન નિહોરા. (અહેસાન)

લોકોની જડતા તોડવા રામાનંદના આ શિષ્યે તો કમાલ જ કરી. લોકો એવું માનતા કે કાશીમાં મરવાથી સ્વર્ગ મળે છે અને મગહરમાં મરવાથી નરક મળે છે. તેથી જીવનના અંતિમ સમયે તે મગહર ગયા ત્યાંજ પોતાના પ્રાણ ત્યાગ્યો. તેમણે કહ્યું કે મગહરમાં મરવાથી નરક મળતું હોય પણ મેં તો આખી જિંદગી રામને ભજ્યા છે. કાશીમાં મરુ અને મોક્ષ મળે તો તેમાં રામનું શું અહેસાન માટે હું તો મગહરમાં જ મરીશ.

તેમના શબ ઉપર ચાદર ઓઢાડી દીધી અને થોડીવાર બાદ જ્યારે ચાદર ખોલે છે તો ફૂલનો ઢગલો થયેલો હતો. અડધા ફૂલ હિંદુ લઈ ગયા અને અડધા ફૂલ મુસ્લિમ લઈ ગયા અને પોતાની રીતે તેમના અંતિમ સંસ્કાર કર્યા.

**જય શ્રી કૃષ્ણ**
**સુશીલા શર્મા**



# પરમાત્માની પ્રાપ્તિનો માર્ગ

એકલતાને એકાંતમાં બદલવાની કળાનું નામ ધ્યાન એટલે કે મેડિકટેશન છે. જેવુ ધ્યાન ધરવામાં આવે કે એકલતાને એકાંતમાં ફેરવીને હતાશા જતી રહે છે. એટલા માટે જીવનમાં ધ્યાન ધરવું. પરમાત્માની પ્રાપ્તિનો એકમાત્ર ધ્યાન છે. ધ્યાનની અનેક પદ્ધતિઓ હોઈ શકે છે. એક સાવ સરળ અને સહજ પદ્ધતિ હનુમાન ચાલીસા દ્વારા ધ્યાન છે. હનુમાન ચાલીસાની દરેક ચોપાઈને શરીરના શ્વાસોચ્છ્વાસ સાથે સાંકળીને માનસિક જપ કરો. આનાથી અદ્ભૂત ધ્યાન ધરી શકશો અને તેનું અદ્ભૂત પરિણામ મળશે. સીતાજી પાસેથી વિદાય લઈને હનુમાનજી ફરીથી પોતાની સેનામાં પાછા ફરે છે. અન્ય વાનરોએ જોયું કે હનુમાનજી ઘણા પ્રસન્ન છે.'' મુખ પ્રસન્ન તન તેજ બિરાજા...'' મુખ પ્રસન્ન છે અને તન પર તેજ છે. બધા વાનરો ખુશ થઈ ગયા. તેઓ સમજી ગયા હનુમાનજી અવશ્ય સફળતા મેળવીને પાછા ફર્યા છે. હનુમાનજીએ સાથીદારોને વિગતવાર શું બન્યું એ અંગે જણાવ્યું. પછી બધા ભગવાન શ્રીરામ પાસે ગયા.

જુઓ, હનુમાનજીએ છ ચરણ પુરા કર્યા અને સફળતા મળી ગઈ. એ છ ચરણ કયા ? એ જે કે સફળતા માટે જરૂરી છે. પહેલું સક્રિય રહેવું. બીજું સજાગ રહેવું. ત્રીજું સક્ષમ રહેવું, ચોથું સંઘર્ષ, પાંચમું સમર્પણ અને છઠ્ઠું ચરણ સંવેદનશીલતા, હનુમાનજીએ પોતાના આ ગુણોને વ્યવહારમાં ઉતાર્યા અને સતત સફળ થતા ગયા.

જ્યારે કોઈ કામમાં, કોઈ મિશનમાં સફળતા મળી જાય ત્યારે શું કરવું જોઈએ ? ચાલો, હનુમાનજીના ચરિત્ર થકી એ વાત સમજીએ. હનુમાનજી આપણને શીખવાડે છે કે સફળતા મળે એટલે બે કામ ન કરવાં. અભિમાન ન રાખવું અને મૌન રહેવું. હનુમાનજીની સાથે બધા વાનર શ્રીરામ પાસે આવ્યા ત્યારે સૌથી પાછળ હનુમાનજી ચાલતા હતા. જામવંત,અંગદ સૌથી આગળ, વચમાં વાનરસેના અને પાછળ

હનુમાનજી, જુઓ, આટલું મોટું કામ કરીને પાછા ફર્યા પણ એનું અભિમાન લેશમાત્ર નહોતું. કશું બોલ્યાં નહીં. ભગવાન શ્રીરામને હનુમાનજીની સફળતા વિશેની વિગતવાર વાત અને પરાક્રમ અંગે જામવંતે જણાવ્યું. જામવંતે કહ્યું : નાથ પવનસૂત કીન્હિ જો કરનીક, સહસહું મુખ ન જોઈ સો બરની. પ્રભુ, આજે હનુમાનજી એવું કામ કરીને પાછા આવ્યા જે વિશ્વમાં બીજું કોઈ કરી શકે એમ નહોતું.હનુમાનજી પરાક્રમોનું વર્ણન તો હજાર મુખ હોય તો પણ ન કરી શકાય.

આ હનુમાનજીના ચરિત્રની મોટી વિશેષતા હતી. આપણે પણ તેમની પાસેથી શીખવું જોઈએ કે ગમે તેટલું મોટું કામ કર્યું હોય પણ એના વખાણ કરી જાતે ન કરવા જોઈએ. તમારી સફળતા વિશે તમારા વખાણ, તમારા ગુણગાન બીજા કોઈ ગાય એ જ સાચી સફળતા છે. હનુમાનજી, એટલી મોટી સફળતા મેળવ્યા પછી ચૂપ, શાંત અને સહજ છે.

સાર : ગમે તેટલું મોટું કામ કર્યું હોય પણ એના વખાણ કદી જાતે ન કરવા. તમારી સફળતા વિશે તમારા બીજા કોઈ ગાય એ જ સાચી સફળતા છે.

**મહેન્દ્રભાઈ જી.પટેલ, અમદાવાદ**



# જીંદગીમાં આનંદનું સર્જન કરો

ઉઠો તમારી ચારેય બાજુ નવજીવનનાં બીજ વાવો, પવિત્ર વાતાવરણનું નિર્માણ કરો. જો તમે બીજાઓ સાથે દગો કરશો, જુઠું બોલશો, ષડયંત્ર રચશો, ઠગશો તો તેનાથી તમારુ પોતાનું જ પતન થશે. તમે પોતાને હલકા, તુચ્છ અને નીચ સાબિત કરશો. તમારી બધી શક્તિઓ ખર્ચીને પણ બીજાનું બહુ અનિષ્ટ કરી શકો નહી. પરંતુ એ હરકતોથી તમારો પોતાનો સર્વનાશ અવશ્ય કરી શકો છે.

ઈમાનદરી ને વળગી રહો અને યોગ્ય સાધનો દ્વારા તમારી ઉન્નતિ માટે પ્રયત્ન કરો તમારી તાકાતને સંસારની સામે પ્રગટ કરો. કારણ કે બળવાનોને જ સુખી ઉન્નતિશીલ જીવન જીવવાનો અધિકાર છે. જો તમે તમારી શક્તિનો કોઈ પુરાવો રજૂ નહિ કરી શકોતો દુનિયા તમને એક નિઃસહાય, અનાથ, દુર્બળ, અભાગિયો માનશે અને તમારા નામની સાથે બિચારાની ઉપાધિ જોડી દેશે.

તેથી હું કહું છુ કે સંઘર્ષ કરો. જીવતા રહેવા માટે તથા પોતાના અધિકારો પ્રાપ્ત કરવા અને એમનું રક્ષણ કરવા માટે સંઘર્ષ કરો. વિશ્વાસ રાખો આ આત્મોન્નતિના ધર્મ યુધ્ધમાં તમને એ આનંદ મળશે કે જે દુનિયાની બીજી કોઈ વસ્તુથી મળતો નથી. મરેલાની જેમ જીવવા કરતાં એક વીરનું થોડીક ક્ષણો માટે જીવવું પણ વધારે સારુ છે.

**સંકલન : અખંડ જ્યોતિમાંથી**
**વૈશાલીબેન નાયક, કડી**

# "નવલું નજરાણું"

ડોલરિયાં-ડોલતાં-ડોલતાં બોલે !
''પ્રેમ-મંદિરની યાત્રા'' શું શમણું !
અને
'ચુંદડી મનોરથ' શી ભાવનાસભર !
યમુના તટે પૂર્ણ કીધું.
પ્રેમ-પંખીડા શી યુગલ-જોડી બોલે !
હવે, શું કરશું-ભક્ત-મંડળ કાજે ?
''અરે ! પ્રેમ-પ્યારા હરિ સમા હરિશ.
આ રાધા શી લક્ષ્મીના છો ને શામળા !''
મારો ને તમારો સથવારો,
શ્રધ્ધા કેરો દિપક જલે છે હૃદયે !
હવે, આપણે ગોમતી તટે જાવું છે.
પ્રેમથી આપણે કહેવું છે.
''બંધ દરવાજા ખોલ રે, ઓ !
ડાકોરના ઠાકોરજી - તારા બંધ ...
તારા-તીર્થ ધામે આવવું છે ને !
તારી અને લક્ષ્મીજીની 'ધજારોહણ'
ભક્તજનો સહ કરવી છે.
રૂડું રૂપાળું તારું ડાકોર - ધામ છે.
જેમાં ઠાકોરજીનો મુકામ તો છે.
''અરે ! ઓ ! ડાકોરના ઠાકોર ....
શામળા-ગાયોના ગોવાળ !

હરિશ શો ગોવાળ ને ભારતી શી ગોપી
શ્યામળિયા ને લક્ષ્મીજીની ધજા ફરકાવશે !
માખણ-ચોર કોણ છે ?
એ તો રાજા-રણછોડ છે ના ઘોષે
ઢોલ-નગારાં-શરણાઈઓના સુર ગુંજશે
સુરેશ-પ્યારી પ્રવિણાને નવીનની માલતી સહ
સોમેશ્વરાશ્રમના ભક્ત-મંડળના સથવારે !
હરિશ, ભારતી, ''નવલું-નજરાણું'' કરશે.
ડાકોરના ઠાકોરના ધામે.
ધજાની શોભાયાત્રા ફરશે
સૌ ભક્તો હર્ષ-ઉલ્લાસે જ બોલશે.
હવે, બંધ દરવાજા ખોલરે.'
દર્શન દેજો, હે ! શામળિયા !
પ્રસાદનો સ્વાદ વાગોળતાં-વાગોળતાં,
ભક્ત-મંડળ-પહોંચશે-પોઈચાના ધામે !
સ્વામી નારાયણ - ધામની લીલા નિહાળીને !
આરામ-લેવા-રાતવાસો પોઈચા હૉલે કરશે !
પ્રભાતની શીત લહેરો સહ
બારડોલીમાં ડોલતા-ડોલતાં
ભક્તિમય-ભજનો ગાતાં.
બુહારિ ગામે સફર કરશે.
'CAR' ઓની હેરા-ફેરી-પગ પાળા સફર કરતાં.
'નવચંડી-યજ્ઞ' અને જગદંબાની આરતી સહ

સોમેશ્વરાશ્રમનું ભક્ત-મંડળ-પ્રેમસભર બનશે.
હરિશ-ભારતી શા પ્રેમપંખીનો પ્રેમ સંપાદન કરશે.
સંધ્યાકાળે પ્રસાદ ગ્રહીને !
નિશાને નિંદ્રાધીન થઈને !
સોમેશ્વરાશ્રમનું ભક્ત-મંડળ !
બાવન માં આરાધન-મહોત્સવ કાજે !
સોમેશ્વરતીર્થ-ધામે પરત ફરશે.
'કમળા ફોઈબા' ની આઠમ-ગુરુ મહારાજની પૂણ્ય તિથિનું
પાદુકા-પૂજન પતાવી.
બારશે-ભક્તો ને પ્રસાદના પારણાં જ કરાવીને !
પાદુકા-પૂજન પતાવી.
બારશે-ભક્તોને પ્રસાદના પારણાં જ કરાવીને !
હરિશ-ભારતી સદ્‌ગુરુના ચરણોમાં નમન કરશે !
ભક્ત-વત્સલ 'વિઠ્ઠલ'ની ભાવના જ ફળશે
વૈશાલી ને ત્ર્યંબકભાઈ નાયક સહભાગી જ બનશે.
"સોમેશ્વરજીનું ભક્ત-મંડળ બોલશે."
"શુભ થાઓ, હરિશભાઈ ને ભારતીબેન સુરતીનું"
આ પ્રેમી-જુગલ-જોડીની શ્રધ્ધા અહર્નિશ ફળશે."
અસ્તુ, સૌને "જયશ્રી કૃષ્ણ"

**વિઠ્ઠલભાઈ એમ. નાયક, મલાડ, મુંબઈ**

# કડીથી ડાકોર-પોઈચા-બુહારી યાત્રા

મહા માસ આવ્યો એટલે આશ્રમ પરિવારને પ.પૂ.શ્રી ગુરુ-મહારાજની અને પૂ. કમળાદેવીની યાદ આવ્યા વગર રહેતી નથી. આ માસમાં પૂ. ગુરુજી તથા તેમના શિષ્યાની તિથિ લગભગ સાથે જ આવે છે. પહેલાં પૂ. કમળાબહેનની પુણ્યતિથિ મહાસુદ (આઠમ) અને પછી પૂ. ગુરુ મહારાજની તિથિ મહાસુદ-૧૧ (એકાદશી) બન્ને તિથિ ધામધૂમથી શ્રદ્ધાભાવથી ઉજવવામાં આવે છે.

આ ઉપર જણાવેલા પ્રસંગો પહેલાં પૂ. ગુરુ મહારાજ ખૂબ જ કૃપા પાત્ર એવું દંપતિનું જોડું છે કે જેમના નામ પણ લક્ષ્મી અને નારાયણ સમાન છે. શ્રીમતિ ભારતીબેન અને શ્રી હરીશભાઈ સુરતી. તેઓ દર વખતે ગુજરાત આવે તે પહેલાં કોઈપણ ધાર્મિક કાર્યક્રમ તૈયાર કરી આશ્રમના ટ્રસ્ટીશ્રી અને શ્રી સુરેશભાઈ પટેલ ને શ્રી નવિનભાઈ નાયક તે તેની વ્યવસ્થા કરવાનું કહે છે.

આ વખતે તેમણે ડાકોરના ઠાકોર રાજા રણછોડરાયની મંદિર ઉપર તથા લક્ષ્મી માતાના મંદિર ઉપર ધજાઓ ચઢાવાનો સુંદર પ્રસંગ ઊભો કર્યો હતો. આ કાર્યક્રમની તારીખો હતી . ૨૮/૨૯/૩૦/૦૧/૨૦૨૦ એટલે મંગળ - બુધ અને ગુરુ. તા. ૨૮/૦૧/૨૦૨૦ ને મંગળવારે ધજાપતાકાનું પૂજન બ્રાહ્મણ દ્વારા સાંજે ૪=૦૦ વાગે કડી આશ્રમમાં ગુરુ મહારાજ સમક્ષ રાખ્યું હતું. તેથી આશ્રમ ભક્તમંડળ આનંદમાં આવી ગાવા લાગ્યું.

આજે આશ્રમમાં આનંદ છે રે લોલ.
ધ્વજા-પતાકા છે લક્ષ્મી નારાયણની રે લોલ
પૂજા મંત્રો બ્રહ્મદેવ બોલે રે લોલ
પૂજા કરે છે હરીશ-ભારતી રે લોલ
પૂજા ગુરુ મહારાજની સમક્ષ થાય છે રે લોલ
ભક્તો ભેગા મળી લાલાના ગુણલા ગાય છે રે લોલ... આજે

આશ્રમમાં ધ્વજા પતાકાનું પૂજન થયા પછી આ ધ્વજા પતાકાનું પૂજન આશ્રમ ભક્ત મંડળના ઘેર ઘેર બેન્ડવાજા સાથે બહેનો ભજનો ગાતા ધ્વજા પતાકાની શોભાયાત્રા નીકળે છે. સૌ પહેલાં શ્રી સુરેશભાઈ પ્રહલાદભાઈ પટેલના ત્યાં પૂજા

કરવા સૌ ગયા. ત્યારબાદ જેમણે નામ નોંધાવ્યા હતા તેમને ત્યાં ગયાં આમ પૂજા કરતાં-કરતાં રાતના નવ વાગ્યા. છતાં એક એવી જગા બાકી રહી હતી તે છે કડીના નાક સમાન ‘‘આનંદધામ’’ જ્યાં માતાજી અખંડ બિરાજે છે. એવા પૂ. દેવીબા ને ત્યાં હાલ ત્યાં પૂ. ઊર્વશી બા પૂજા કરે છે.ત્યાં ગયા. છેલ્લું પૂજન તેમની હાથે થયું. રાત્રે પ્રસાદ લઈ સૌ છૂટા પડ્યા.

હવે તા. ૨૯/૦૧/૨૦૨૦ ને બુધવારનો કાર્યક્રમ શરૂ થશે.

**યાત્રા પ્રવાસની શરૂઆત :-** ત્રણ બસોની સગવડ કરી હતી. બસમાં બેસવા માટેની વ્યવસ્થિત સગવડ કરવામાં આવી હતી. દરેકને પોતાના બસનો નંબર તથા સીટ નંબર આપવામાં આવ્યો હતો. તે પ્રમાણે સર્વ યાત્રિકો બસમાં બેસી ગયા. સાડાસાત વાગે પ.પૂ.ગુરૂદેવ તથા સુધાદેવીના દર્શન કરી. જય પોકાર કરી. ત્રણે બસો પર જયશ્રી રણછોડરાય બિરાજમાન છે તે ડાકોર તરફ રવાના થઈ. સવારે ૮-૩૦ વાગે ડાકોર પહોંચ્યા. ત્યાં સુધીમાં અમારા પ્રિય સ્વજન જેવા રસોઈઆ ભાઈઓએ ચા-કોફી તથા નાસ્તો તૈયાર કર્યો. પછી સવારમાં આ ગરમાગરમ ચા-કોફી નાસ્તો સૌએ કર્યો. ત્યાં સુધીમાં ડાકોરના બ્રહ્મદેવ આવી ગયા અને ધ્વજા-પતાકાની પૂજાનું કાર્ય શરૂ થયું. મનોરથી ભારતીબેન અને હરીશભાઈ સુરતી પાસે વિધિવત પૂજા કરાવી. ધ્વજાનું મહત્વ બ્રહ્મદેવે સમજાવ્યું. ત્યારબાદ દરેક યાત્રી કે પૂજા કરીને નાડાછડી બંધાવી. ત્યારબાદ ધ્વજા-પતાકાની શોભાયાત્રા ધર્મશાળામાંથી બેન્ડવાજા સાથે મંદિરે જવા માટે નીકળી. સૌ ભાઈ-બહેનોના મનમાં એટલો બધો આનંદ હતો કે પરમાત્માના ભજનોની રમઝટ નાચતા-કૂદતા મંદિરે જવા નીકળી. પ્રથમ ધજા માતા લક્ષ્મી દેવીના મંદિરે ચઢાવવાની હતી. તેથી મા ના મંદિરે સૌ ત્યાં ગયા. શ્રી લક્ષ્મીદેવીના મંદિરે થોડીવાર ત્યાં બેઠ્યા. કેટલાકે માના મંદિરની પ્રદક્ષિણા કરી. ભજન ગાયા. લગભગ સાડા અગિયાર વાગે મંદિર ખૂલ્યું. ધ્વજા ચઢાવવામાં આવી. ત્યારબાદ શ્રી રણછોડજીના મંદિરે આવીને ત્યાં દર્શન-ધ્વજા વગેરે વિધિ કરી. સૌ ગોમતીજી દર્શને ગયા. તેના કિનારે આવેલાં મંદિરમાં જઈ દર્શન કરી. જે કાંઈ ખરીદવું હતું તે ખરીદી. પાછા ધમશાળામાં આવ્યાં. રસોઈ તૈયાર થઈ ગઈ હતી. તેથી સૌએ પ્રસાદ ગ્રહણ કર્યો. ત્યારબાદ જમીને આગળ પોયચા તીર્થ ક્ષેત્રે

જવાનું હોવાથી સૌ બસમાં ગોઠવાઈ ગયા. બસો ઉપડી. સાંજના સમયે પોયચા પહોંચ્યા. ત્યારબાદ ત્યાં આગળ ત્રણ મોટા રૂમો હતા. વ્યવસ્થિત ગાદલાં, ઓશિકા, ચાદર વગેરેથી સજ્જ રૂમો હતા. અલગ બાથરૂમ-સંડાસની સગવડ હતી. બધાં વ્યવસ્થિત ગોઠવાઈ ગયાં. ત્યારબાદ સ્વામિનારાયણ ભગવાનની આરતીના દર્શને સૌ ગયા. મંદિરમાં વ્યવસ્થા સારી હતી. મંદિરના નીચે નર્મદાના જળમાં મંદિર બનાવ્યું હતું. ચારેબાજુ દરેક ધર્મના પરમાત્માની પ્રતિમાઓ તેમજ ભક્તોની પ્રતિમાઓ સરસ રૂમોમાં વ્યવસ્થિત સ્થાપિત કરેલી હતી. સૌએ દર્શન કર્યાં ત્યારબાદ ભગવાનની આરતીની દર્શન કર્યા. ખૂબજ શાંતિ, વ્યવસ્થિત બેસી સૌએ આરતીના કાર્યક્રમમાં ભાગ લીધો. ત્યારબાદ સાંજનું ભોજન કર્યું ને પાછા સ્વસ્થાને આવીને સૌએ આરામ કર્યો. રાત્રે સરસ ઊંઘ આવી. સૌ વહેલાં ઊઠી ગરમ કે ઠંડુ જે પાણી મળ્યું તેમાં સ્નાન કરી પોતાના સામાન સાથે ફરીથી રસોડે ગયા. ચા-કોફી નાસ્તો કરી આગળ બુહારી તરફ પ્રયાણ કર્યું.

**નવચંડી યજ્ઞનાં દર્શન (બુહારી) :-**

પોયચામાં સવારે નાસ્તો કર્યા બાદ બસમાં સૌ પોતપોતાની બસમાં ગોઠવાઈ ગયાં. બસો હવે બુહારી તરફ જવા રવાના થઈ. બપોરે આશરે એકાદ વાગે બુહારી પહોંચ્યા. ત્યાં અમારું સ્વાગત કરવા શ્રી નવિનભાઈ પ્રજાપતિ, શ્રી નરેન્દ્રભાઈ વગેરે મળ્યા. સૌ બસમાં થી ઉતરી પહેલાં શ્રી નવિનભાઈ ના ઘરે જઈ લઘુ શંકા કરી હાથ-પગ ધોઈ, પાણી પી પછી જ્યાં યજ્ઞમંડપ હતો ત્યાં લઈ જવા કહ્યું. યુવાન ભાઈ બહેનોને ચાલતા આવવાનું કહીને વયોવૃદ્ધોને ગાડીઓમાં બેસાડી યજ્ઞસ્થળે લઈ ગયા. ત્યાં મંદિરમાં દર્શન કર્યા. સૌને બેસવા માટે ખુરશીઓની સગવડ કરી હતી. બ્રાહ્મણો વિધિ પ્રમાણે યજ્ઞમાં આહુતિ અપાવતાં હતા. થોડીવાર બેઠ્યાં પછી સૌને જમવા માટે રસોડે લઈ જવામાં આવ્યાં. ત્યાં બધાને વ્યવસ્થિત જમાડ્યાં. સુંદર મજાની વ્યવસ્થા હતી. જમ્યા પછી આરામ માટેની પણ સગવડ કરી હતી. કારણકે એકાદ બે કલાક યજ્ઞમાં વિરામ હતો. ફરીથી બપોરે ત્રણ સાડાત્રણ બાદ સૌ યજ્ઞમંડપમાં આવવા લાગ્યા. પરંતુ આપણને ખબર છે કે આ ગામમાં સારીવસ્તુ કઈ છે. એમ શોધી કાઢી પછી બહેનો કોઈ સાડી, કોઈ પાપડ વગેરે ખરીદવા દોડા દોડ કરવા

લાગ્યાં. ત્યારબાદ સાંજ પડવા આવી અને યજ્ઞ ની પૂર્ણાહુતિનો સમય થવા આવ્યો. સૌ ભાઈ બહેનો આવી ગયા અને યજ્ઞના દર્શન કરવા લાગ્યાં. ખરેખર શાસ્ત્રને જાણકાર અને શુદ્ધોચારથી મંત્ર દ્વારા યજ્ઞપૂર્ણાહુતિ તરફ જવા લાગ્યા. પછી તો પૂર્ણાહુતિ કરી, આરતી કરવામાં આરતી એવી રીતે કરી કે દરેકને તેનો લાભ મળે. કડી જનારા યાત્રિકો પણ કંઈ પુણ્ય કમાવા માટે બ્રાહ્મણો ને યથાશક્તિ દાન કર્યું. નવચંડી યજ્ઞથી મંદિરનું તમામ વાતાવરણ શુદ્ધ બની ગયુ. યજ્ઞવિધિ વ્યવસ્થિત સંપન્ન થયો. માતાજીની જય બોલાવવામાં આવી. આનંદનો પાર ન રહ્યો. ત્યારબાદ સૌ રસોડે ગયાં. પ્રસાદ ગ્રહણ કર્યો. બધા આશ્રમવાસી તૈયાર થયાં. બસો આવી ગઈ સૌ તેમાં ગોઠવાઈ ગયા ને લગભગ રાત્રે નવ વાગે કડી આવવા નીકળ્યા. રાત્રે એકાદ જગ્યાએ રેસ્ટ કરી સવારે ૫-૦૦ વાગે કડી પરત આવી ગયાં.

ખરેખર મને એવું લાગે છે કે આ ભારતીબેન હરીશભાઈ સુરતી ઉપર પરમાત્મા અને ગુરુદેવ અનહદ કૃપા વરસાવે છે. કારણકે દર વર્ષે આ રીતે કોઈને કોઈ રીતે પૂ. ગુરુ બંધુઓને નાની એવી સગવડ કરાવી ને પુણ્ય કમાવી લેવું. ભારતીબેન અને હરીશભાઈ બન્નેના તન જુદા છે. પણ મન એક છે. કોઈપણ કાર્ય કરવું હોય તો તેમાં જરાપણ આનાકાની નહિ. બંનેમાં નામ પ્રમાણે ગુણ છે. ભારતી એટલે લક્ષ્મી સ્વરૂપ અને હરીશ એ નારાયણ સ્વરૂપ છે. પછી કહેવાનું શું હોય જેટલું વાપરે તેથી બમણું કમાય છે. પરમાત્મા તેમને ખૂબજ શુભ કાર્ય કરવાની શક્તિ આપે એવી પૂ. ગુરુ મહારાજ પાસે એવી યાચના કરું છું.

**નોંધઃ-** બુહારી એ આપણા પ.પૂ. ગુરુ મહારાજની કર્મભૂમિ છે. તેથી ભક્તોને ખૂબ જ આનંદ થયો.

**ત્ર્યંબકભાઈ ડી. નાયક, કડી**

## વિતેલાં પ્રસંગો

આશ્રમમાં વાર તહેવારે ઉત્સવો ઉજવાય છે. એ રીતે આ મહામાસમાં બે ઉત્સવો આવે છે. તે એવા ઉત્સવ છે કે શિષ્ય અને ગુરુના છે. મહાસુદ-૮ (આઠમ) એ પ.પૂ.શ્રી ગુરુમહારાજની સેવામૂર્તિ સમા પૂ.કમળાબેનની પુણ્યતિથિ અને મહાસુદ ૧૧ (એકાદશી) તે આપણા પ.પૂ.શ્રી સોમેશ્વર તીર્થ સ્વામીજી (ગુરુજી) નો આરાધન મહોત્સવ. આપણા જેવા સામાન્ય માણસની જન્મતિથિ ઉજવાય છે. જ્યારે સંત, સેવા ભાવી ભક્તોની પુણ્યતિથિ ઉજવાય છે. કારણ કે માનવ જીવન દરમિયાન અનેક કાવા-દાવા, વેરઝેરમાં જીવન પરમાત્માના ચરણે સમર્પિત કરી. તપશ્ચર્યા કરી પરમાત્મા માટે જીવન જીવી જીવન દરમ્યાન સારા કાર્યો કરી માનવને સાચા માર્ગે વાળવા અનેક કાર્યો કરે છે. તેથી તેમની પુણ્યતિથિ લોકો આદર સહિત ઉજવે છે.

**પરમ પૂજ્ય કમળાબેનની પુણ્યતિથિ :**

પૂજ્ય કમળાબેન એક સામાન્ય પાટીદાર કુટુંબમાં જન્મેલ છે. તેમનાં માતાપિતા સામાન્ય ખેડૂત હતા. બેન ભણ્યા પછી પ્રાથમિક શિક્ષકા તરીકે નોકરી કરતા હતા. તેમના ભાગ્યવશાત્ તેઓ આશ્રમમાં આવવા લાગ્યા અને આશ્રમમાં બીજી બહેનો શું શું કામ કરે છે તેનું અવલોકન કરી તે પછી તેઓ પણ આશ્રમની સાફસફાઈ નું કાર્ય મન દઈને કરવા લાગ્યા. નોકરી સમયે નોકરી અને ત્યારબાદ મળતો સમય તેઓ આશ્રમમાં નિયમિત આવી સેવા કરવા લાગ્યા. આજીવન કુંવારા હતાં. ગુરુ મહારાજની તીક્ષ્ણ દૃષ્ટિ તેમના પર પડી. તે પછી તો ગુરુ મહારાજે તેમને સંસ્કૃત અભ્યાસ કરાવ્યો. પૂ. બહેન પણ સેવા, નોકરી અને ગુરુ મહારાજનું લેશન વગેરે સમયબદ્ધ કરતાં હતાં. તેથી ગુરુ મહારાજ તેમના પર કૃપા કરી અને આજે તેઓ બની ગયા સૌના લાડીલા બેન. તેમણે તેમનું જીવન કેવું ગાળ્યું.

પૂ. બહેન ખરેખર જેવા હતાં તેવું જ જીવી ગયા. દૈવી સ્વભાવને જાગ્રત કરી એક અદ્‌ભૂત પુષ્પ બન્યા. સુંદર પુષ્પ પ્રકાશમય દિવ્ય સૌંદર્ય દિવ્ય પમરાટ, આધ્યાત્મિક સુગંધ ફેલાવતિ પરમ ઉચ્ચ ઉદ્યાનનું પુષ્પ બની ચારેકોર સુગંધ ફેલાવી ને પ્રભુના ચરણમાં લીન થયા. ચારેકોર સુગંધ ફેલાવી એટલે પોતાના કુટુંબ-પરિવારમાં પૂ. ગુરુ મહારાજના આશ્રમમાંપોતાની શાળામાં અને શાળાના નાનાં ભૂલકાંમાં તેમજ સામાજીક જીવનમાં.

પૂ. બહેન જે કન્યાશાળામાં નોકરી કરતાં હતાં. તે મકાન જીર્ણ થઈ ગયું હતું. તેથી તેમને બાળકોની ચિંતા થઈને આશ્રમમાં આવતાં ટ્રસ્ટીશ્રીઓ તેમજ ગુરુ ભાઈઓ તેમજ સામાજિક કાર્યકરોનો સાથ લઈ સને ૧૯૭૧ માં નવું મકાન બંધાવ્યું તેમાં વધુ રકમ આશ્રમની હોવાથી શાળાનું નામ શ્રી સોમેશ્વરતીર્થ કન્યાશાળા રાખ્યું હતું. પૂ. કમળાબેનની પુણ્યતિથિ સંવત ૨૦૭૬ ના મહાસુદ-૮ ને રવિવાર તા.૦૧/૦૧/૨૦૨૦ હતી. તે દિવસે સવારે આશ્રમમાં શ્રી ગુરુ પાદુકા પૂજન રાખવામાં આવ્યું હતું. તેનો સમય હતો સવારે ૭-૦૦ થી ૧૦-૩૦ સુધી. કારણકે તે દિવસે સવારે ૧૦-૦૦ થી ૧૧-૩૦ સુધી પૂ. બહેનની જે જુની કન્યાશાળા હતી તેને આશ્રમ ભક્ત મંડળ દ્વારા તેનો જીર્ણોદ્ધાર કરી શાળાને અદ્યતન સુવિધા સાથે સુસજ્જ કરવામાં આવી હતી. તેને તા. ૦૧/૦૧/૨૦૨૦ ને રવિવારે પૂ. કમળાબેનની પૂણ્યતિથિએ લોકાપર્ણ સમારોહનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તેમાં સૌ આશ્રમ ભક્તો ઉપસ્થિત રહે તેથી શ્રી પાદુકા-પૂજન વહેલું રાખવામાં આવ્યું હતું. મુખ્ય યજમાનો શ્રી હેમંતભાઈ મણીલાલ દેસાઈ અને શ્રી હેમંતભાઈ આઈ. ભાવસાર પૂજા કરીને શ્રી સુધાદેવીનું પૂજન કરવા જાય ત્યારે આશ્રમના ભાઈ બહેનો પૂજન કરી આ સમારોહના મુખ્ય મહેમાન હતા શ્રી વિનોદભાઈ આર.પટેલ ચેરમેનશ્રી મહેસાણા ડીસ્ટ્રીક્ટ કો.ઓ.બેંક-મહેસાણા તથા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-કડી. તે ઉપરાંત અતિથિ વિશેષ : શ્રી વલ્લભભાઈ એમ. પટેલ પ્રેસીડેન્ટશ્રી કડી સર્વ વિશ્વ વિદ્યાલય-ગાંધીનગર તેમજ ચેરમેનશ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી-ગાંધીનગર. આ રીતે નીચે જણાવેલ મહાનુભાવો આમંત્રિત મહેમાનશ્રીઓ હતા.

(૧) શ્રી કરશનભાઈ સોલંકી (ધારાસભ્યશ્રી, કડી)
(૨) શ્રીમતિ શારદાબેન જે. પટેલ (પ્રમુખશ્રી, કડી નગરપાલિકા)
(૩) શ્રીમતિ રમીલાબેન પટેલ (પ્રમુખશ્રી, કડી તાલુકા પંચાયત)
(૪) શ્રી હીમાંશુભાઈ બી. ખમાર (મંત્રીશ્રી નિ.એ.પટેલ સંસ્કાર મંડળ, કડી)
(૫) શ્રી નલિનભાઈ એમ.શાહ (મંત્રીશ્રી એમ.પી.શાહ એજ્યુકેશન સોસા,કડી)
(૬) શ્રી મહેન્દ્રભાઈ જી. પટેલ (M.D. લીંકન ફાર્મા, અમદાવાદ)
(૭) શ્રી જગદીશભાઈ પરીખ (અગ્રણીશ્રી સોમેશ્વરાશ્રમ, કડી)

આ ઉપરાંત પણ થોડા મહાનુભાવો આ પ્રસંગે પધાર્યા હતા. આ સમારોહનું સુંદર સંચાલન કરનાર ભાઈશ્રી શૈલેશભાઈ પટેલે પોતાની આગવી શૈલીથી સંચાલન કર્યું તે ખરેખર પ્રસંન્સીય કાર્ય હતું. સમારોહની શરૂઆત થઈ હતી. શ્રી સોમેશ્વરતીર્થ કન્યા શાળાની બાલિકાઓથી આ બાળાઓએ સમારોહમાં પધારેલ તમામનું સ્વાગત ખૂબ જ સરસ અને ભાવવાહી સ્વાગત ગીત દ્વારા કર્યું હતું. ત્યારબાદ સમારોહમાં પધારેલ મહેમાનોનું સ્વાગત કરવામાં આવ્યું. પૂ. કમળાબેને આ શાળામાં પ.પૂ.ગુરુ મહારાજશ્રીના આશ્રમની બાગનું એક સુગંધી પુષ્પ બની શાળાને સુંગધીય બનાવી હતી. તેજ સુગંધ હજુ પણ ફેલાએલી છે. તે પ્રમાણે દરેક મહેમાનોને સુગંધી પુષ્પની છાબડી આપી હતી અને સાલ ઓઢાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ ફૂલની છાબડીએ કહી જાય છે કે તમે જાતે સુગંધમય બનજો ને બીજાને તમારી સુંગધ વહેંચી સુગંધમય બનાવજો. ત્યારબાદ પ્રવચનોની શરૂઆત થઈ હતી.

(૧) આ શાળાના આચાર્ય બહેને શાળાની માહિતી આપી હતી. તેમણે કહ્યું કે પૂ. કમળાબેનની પછી શાળાનું મકાન જર્જરિત થયું હતું. તેને રીપેરીંગ કરાવવા અમે બહેનો ઘણું ફર્યા પણ કંઈ દાદ મળી નહિ પરંતુ અમે નિરાશ ન થતાં પૂ.બહેન જે આશ્રમ સેવા કરતાં ત્યાં એક દિવસ ગુરુપૂર્ણિમા ઉત્સવે ગયાને અમે અમારી વાત ટ્રસ્ટીશ્રીઓને કહીને તરત જ ટ્રસ્ટીશ્રીઓ અમને કહ્યું કે તમે જરાયે નિરાશ ન થશો. અમે શાળા જોવા આવીએ છીએ. શાળા જોયા પછી તરત આ મકાનને આધુનિક ઢબે તૈયાર કરવા માટે યોજના થઈ સારા એંન્જિનીઅર નવિનભાઈ સુથાર તેમજ સાથીદારોને શાળા બતાવી ટૂંક સમયમાં આજે આપણે જોઈ રહ્યા છીએ તેવું શિક્ષિકાબેનો તથા બાળાઓ ને તમામ પ્રકારની સગવડ મળે તેવું મકાન તૈયાર થયું તે આજે આપણે લોકાપર્ણ કર્યું. શાળાના આચાર્યાબેને બહુ સુંન્દર પ્રવચન કર્યું ને આ મકાન તૈયાર કરી આપવા બદલ આભાર માન્યો.

(૨) **શ્રી મહેન્દ્રભાઈ જી.પટેલ M.D. લીંકન ફાર્મા અમદાવાદ :-** તેમણે ખૂબ જ ટૂંકમાં કહ્યું કે શાળાના આચાર્ય બહેન અમને મળ્યાને શાળાની વાત કરી ત્યારે અમે તેમને કહ્યું કે તમે વહેલા આવ્યા હોત તો સારૂં. પરંતુ જરાપણ

વિલંબ ન કરતાં ગમે તેટલો ખર્ચો થાય તો પણ આ મકાન સુંદર આધુનિક ફેસેલીટીવાળું બનાવવાનું બેનને કહ્યું ને તેઓએ કહ્યું કે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સૂત્ર અનુસાર ''બેટી બચાવો-બેટી પઢાઓ'' પ્રમાણે અમે કરીશું કારણ કે આજના જમાનામાં છોકરા કરતાં છોકરીઓ શિક્ષણમાં મેદાન મારી ગઈ. શિક્ષણમાં બહેનો સારા માર્કસથી પાસ થાય છે. જયહિંદ કહી વ્યક્તવ્ય પૂરું કર્યું.

(૩) **શ્રી વિનોદભાઈ પટેલ :-** વિનોદભાઈ પટેલ હંમેશાં પોતાના કાર્યમાં રત રહે છે. તેઓ સમાજના દરેક કાર્યોમાં રસ લે છે. તેમણે આ કન્યા શાળાઓનું મકાન જોયું ને ખરેખર સુંદર સાધન સજ્જ બનાવ્યું છે તેમ કહ્યું તેમણે કહ્યું આવું એક સુંદર મકાન ઈરાણાની શાળાનું બન્યું છે. તે ઉપરાંત તેમણે બાળાઓને પ્રોત્સાહન આપ્યું. ભારતમાતાની જય થી વ્યક્તવ્ય પૂરું કર્યું.

(૪) **શ્રી જગદીશભાઈ પરીખ :-** તેમણે બહેનના ગુણોના ખૂબજ વખાણ કર્યા. બેન પોતે દરેક ને પ્રેમ આપતા હતા. પૂ. ફોઈબા એટલે પ્રેમ, વાત્સલ્ય અને સંસ્કારની પાઠશાળા, પ્રેમ, પરિવાર અને પરમાત્મા ત્રણ શબ્દોને સાથે રાખો. આશ્રમ પરિવારની ઈમારત પ્રેમના પાયા પર ઊભી કરી ગુરુ મહારાજ અને પરમાત્મા નજીક લઈ જવાનું કાર્ય ૩૦ વર્ષ સુધી પરમ વંદનીય બેને સરસ રીતે કર્યું. સૌમાં સદ્ભાવ અને સમભાવ એક સરખો રાખ્યો. ''અજાતશત્રુ'' તરીકે સૌ ગુરુભક્તોને કાળજી અને ચોક્સાઈ રાખી સાચવવાનું અને સંસ્કારના માર્ગે દોરવવાનું કાર્ય કર્યું. સંપત્તિ કરતાં સંસ્કાર ચડિયાતી છે. સંપત્તિમાં ''વીલ'' બને પણ સંસારમાં ''ગુડવીલ'' બને છે. સંસ્કાર અને મર્યાદા વગરનું પરિવાર પતનના માર્ગે જાય છે.

કાર્યક્રમના અંતમાં કન્યાશાળાની બાળાઓએ શિવજી બનેલ બાળા અસલ શિવજી હોય તેવો શિવજીનો શણગાર કર્યો હતો. ત્યારબાદ શાળાની એકથી આઠ ધોરણની એક-એક બાળાઓને ઈનામ આપવામાં આવ્યું હતું.

છેવટે આશ્રમના ટ્રસ્ટીશ્રી નવિનભાઈ નાયકે આભાર દર્શન કરવા ઊભા થયા પણ તેમણે કહ્યું કે આ સારોયે કાર્યક્રમ થયો તેની ખરેખર સન્માનપાત્ર હોય તો તે છે. રજનીભાઈ તથા મહેન્દ્રભાઈ પટેલના માતુશ્રી શારદાબા એટલે તેમનું પણ બહુમાન આશ્રમના ભક્ત બહેનશ્રી સુશીલાબેન બ્રહ્મભટ્ટના હાથે શાલ ઓઢાડી સન્માન કર્યું હતું.

છેવટે નવિનભાઈ એ સૌ મહાનુભાવોનું શાળાના આચાર્યા બેનશ્રી તથા તેમના સ્ટાફનું તે ઉપરાંત નાની બાળાઓ જેમણે સ્વાગતગીત તથા શિવ તાંડવ ગીત ગાયું હતું. તેમનો પણ આભાર માન્યો ને આપેલ તમામ શ્રોતાઓ શાળાનું મકાનને નવિન ઓપ તથા અન્ય સગવડોમાં ભાગ લેનાર તમામ વ્યક્તિનો આભાર માન્યો હતો. જે કાર્યક્રમ પૂરો થયાની જાહેરાત કરી હતી.

ખરેખર તો એ છે મહાસુદ-૮ (આઠનો અંક) તા. ૦૨-૦૨-૨૦૨૦ આ અંકોનો સરવાળો કરો તો આઠ જ થશે. પૂ. બેનના જીવનમાંથી શીખવું હોય તો ઘણું બધુ છે. આશ્રમમાં નિયમિત આવવું. આશ્રમ મારો છે એવી ભાવના ભાવવી. ગુરુ મહારાજ પ્રત્યે અહોભાવ રાખવો. આશ્રમની અંદર ચાલતી તમામ પ્રવૃત્તિમાં રસ દાખવી સેવા કરવી. આશ્રમમાં ચાલતાં સત્સંગમાં તથા પ્રાર્થનામાં સમયસર આવી ભાગ લેવો. થોડી સેવામાં સંતોષ ન માનવો. આપણું કલ્યાણ ઈચ્છતા હોઈએ તો ઘરકામથી સમય ફાળવી ઉપર મુજબના કાર્યો કરવામાં પ્રવૃત્ત થાઓ. આપણા ગુરુજી આપણી સાથે જ છે. તેમજ આપણં લૌકિક કાર્ય કરવા માટે પૂ. સુધાદેવીની સ્થાપના કરી.

**સાંસ્કૃતિક કાર્યક્રમ :-** તા. ૦૪-૦૨-૨૦૨૦ ના રોજ સાંજે ૪-૦૦ થી ૭-૦૦ સાંસ્કૃતિક કાર્યક્રમ આશ્રમમાં આવતા ભક્તોના બાળકો ગીત-સંગીત , નૃત્ય તેમજ મહાપુરુષોનાં જીવનચરિત્રો વિશે ટૂંકમાં બોલે, બાળકોમાં કૌશલ્યકળા ખીલે તે માટે નો આ પ્રયાસ આરાધન મહોત્સવની સાથે સાંકળી લેવામાં આવ્યા હતો. ભાગ લેનાર બાળકોને માર્ગદર્શન આપવા માટે (૧) હીરચ્છાબેન બ્રહ્મભટ્ટ (૨) વૈશાલીબેન નાયકને નીમ્યાં હતા. ખેરખર આ કાર્યક્રમ જોયા પછી ખરેખર બન્ને બહેનોએ પોતાનો કિંમતી સમય આપી બાળકોને તૈયાર કર્યાં હતાં. ગીત ગાતું બાળકનો અભિનય પણ ગીત પ્રમાણે જ હતો. નૃત્ય કરનારી બહેનો પણ બાળકનો અભિનય પણ ગીત પ્રમાણે જ હતો. નૃત્ય કરનારી બહેનો પણ મોબાઈલના ગીત સંગીત સાથે તાલ મિલાવી પ્રક્ષકોને મુગ્ધ કરી દીધાં હતાં. અરે જીવન ચરિત્ર પર બોલનાર પણ જરાપણ અચકાયા વિના સરસ વક્તવ્ય આપ્યું હતું. આ કાર્યક્રમ ગુરુ મહારાજ અને બહેન સમક્ષ થયો તેથી પૂ. ગુરુદેવ અને પૂ.બેન પણ આ બાળકો આગળ વધે તેવા આશીર્વાદ આપતા હોય તેવા ભાસ થાય છે. મારા પ્રભુ તો

નાના છે. આ બાળા તો ખેરખર હાવભાવ સાથે ગીત ગાયું હતું. આ કાર્યક્રમ ભાગ લેનારને શારદાબા ગુલાબભાઈ પટેલ તરફ થી ઈનામ આપવામાં આવ્યું હતું. વૈશાલીબેને ઉદ્‌ઘોષક તરીકે સારી કામગિરિ કરી સંચાલન કર્યું. ત્યારબાદ હવે વડિલ વર્ગનો વારો આવ્યો હતો તેમાં

(૧) **હરીચ્છાબેન બ્રહ્મભટ્ટ :-** તેમણે પૂ. ગુરુ મહારાજ નાના હતાં ત્યારે ધ્રુવનું પાત્ર જોયું અને તેને ભગવાન મળ્યા તો મને કેમ ન મળે તેથી નાટક કંપની છોડી ભગવાન મેળવવા તપ કરવા સિદ્ધપુર નદીને પેલે પાર ગયા. તપ કર્યું. આકાશવાણી થઈ તને ભગવાન મળશે. પછી તેઓ પરત કડી આવ્યા ને છેવટે ભગવાન મળ્યા તે ટૂંકમાં પ્રવચન આપ્યું. તે ઉપરાંત પૂ. બહેન કમળાબેન વિશે પણ તેમની ભગવાન ધગસ, નોકરીમાં વફાદારી ગુરુસેવા કેવી રીતે કરવી તે પણ સમજાવ્યું હતું.

(૨) **ત્ર્યંબકભાઈ નાયક :-** મેં પૂ. બહેનશ્રી કેવું જીવન જીવી ગયા તેના વિશે ટૂંકમાં કહ્યું હતું. બેને પોતાની જિંદગી પૈસાની કમાણી માટે નહી પણ આ જિંદગી પ્રભુ માટે, ગુરુ સેવા માટે, માતા-પિતાની સેવા તેમજ સામાજિક સેવા કરી સાચી કમાણી કરી પોતે ગુરુકૃપાથી પરમાત્માના ચરણમાં લીન થયાં તેવું કહ્યું હતું.

(૩) **શ્રી જગદીશભાઈ પરીખ :-** પુરુષાર્થ, પ્રારબ્ધ અને કૃપાથી જીવનની ઈમારત ઊભી થતી હોય છે. પુરુષાર્થના પાયા ઉપર ઊભી થતી ઈમારત સમૃદ્ધ બનતી હોય છે. જીવનને સેવા, સત્કર્મ અને સ્મરણથી ભરવા માટે પુરુષાર્થની આવશ્યકતા ઊભી થાય છે.

(૧) પુરુષાર્થ પરિવાર માટે કરો. (૨) પુરુષાર્થ ધર્મ માટે કરો. (૩) પુરુષાર્થ સમાજ માટે કરો. (૪) પુરુષાર્થ શરીર માટે કરો. (૫) પુરુષાર્થ સંસ્કાર માટે. (૬) પુરુષાર્થ આત્મકલ્યાણ માટે કરો. પુરુષાર્થની છ માતાઓ છે. (૧) બુદ્ધિ (૨) સંસ્કાર (૩) નીતિ (૪) ગતિ (૫) મતિ (૬) રીતિ.

**પ.પૂ.સ્વામીશ્રી સોમેશ્વર તીર્થજીનો આરાધન મહોત્સવ :-** સંવત ૨૦૭૬ના મહાસુદ-૧૧ (એકાદશી) બુધવાર ગુરુ મહારાજનો આરાધન દિન છે. તા. ૦૫-૦૨-૨૦૨૦

આ તારીખના આંકડાનો સરવાળો કરો તો ૧૧ અગિયાર થશે. એટલે તિથિ ને તારીખ બન્ને અગિયારનો અંક બતાવે છે.

એકાદશીના આગળના દિવસે એટલે તા. ૪-૦૨-૨૦૨૦ ને મંગળવારની રાત્રે ૯-૦૦ વાગે ભજન કીર્તનનો કાર્યક્રમ રાખ્યો હતો. શ્રી હીતેશભાઈ ભોજક તથા કૌશિકભાઈ ભોજક ભજનો ગાવાના હતા. ઠંડી અને આગળના દિવસોનો થાક હોવાથી સંખ્યા થોડી પાંગળી હતી.

**અખંડધૂન :-** તા. ૦૫-૦૨-૨૦૨૦ ને બુધવારના રોજ સવારે ૭-૦૦ કલાકથી તા. ૦૯-૦૨-૨૦૨૦ ગુરુવાર ના રોજ સવારે ૭-૦૦ વાગ્યા સુધી અખંડ ૨૪ (ચોવીસ) કલાકની ॥श्री कृष्णः शरणं मम ॥ ની ધૂન રાખી હતી. તેમાં આશ્રમના સર્વ ભાઈ બહેનોએ ભાવપૂર્વક નામસ્મરણ કરી આશ્રમની અંદર પવિત્ર વાતાવરણ ઊભું કર્યું હતું. કોઈપણ વાજિંત્ર ન હતું. પણ શીલબદ્ધ રીતે પરમાત્માશ્રી કૃષ્ણને કહ્યું કે હે ભગવાન હું તારો છું. આ રીતે તા. ૦૬-૦૨-૨૦૨૦ ની સવારે ૭-૦૦ વાગે ધૂન પૂરી કરી. ત્યારબાદ આરતી કરી. પછી અખંડદીપ લઈ આશ્રમની પ્રદક્ષિણા કરી. સમાધિ સ્થાનમાં જઈ પૂ. કમળાબેન, સુધાદેવી અને ગુરુ મહારાજ ખૂબ જ ખુશ થયા હશે ને આપણને આશીર્વાદ આપ્યા હશે.

**પાદુકા પૂજન :-** પ.પૂ. ગુરુ મહારાજના આરાધન મહોત્સવ પ્રસંગે સવારે ૮-૦૦ થી ૧૧-૦૦ સુધી પાદુકા પૂજન બ્રાહ્મણ દ્વારા વિધિ પૂર્વક કરવામાં આવ્યું. આ પ્રસંગના યજમાનો હતા. (૧) જિતેન્દ્રભાઈ સાંકળચંદ પટેલ પરિવાર, કડી અને (૨) ગં.સ્વ. શારદાબેન ગુલાબભાઈ પટેલ પરિવાર અમદાવાદ. ખૂબ ભાવ અને પ્રેમથી મહારાજે પૂજન કરાવ્યું. ત્યારબાદ સુધાદેવીના પાદુકા પૂજન થયું. પૂ. ગુરુ મહારાજની સમાધિ સ્થાને પૂજન કર્યું.

યજમાનોના પૂજન બાદ આશ્રમ ભક્ત મંડળે પાદુકા પૂજન કર્યું.

તે ઉપરાંત પૂ.મુરારી બાપુની કેસેટ પારાયણ“બડે ભાગ માનુષ તનુ પાવા” વિષય પર સત્સંગ કર્યો.

બપોરે પાદુકાપૂજન બાદ સૌ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો. ત્યારબાદ અનુકૂળતા પ્રમાણે જેને ધૂનમાં રહેવું તે રહ્યા બીજા યથા સ્થાને ગયા. તા. ૩૧-૦૧-૨૦૨૦થી ૦૬-૦૨-૨૦૨૦ ડોંગરેજી મહારાજની કેસેટ ભાગવત પારાયણ રાખવામાં આવ્યું હતું.

# શ્રદ્ધાંજલિ કાવ્ય

બેન તમે સાચી કીધી છે કમાણી
તમે સાચી જીંદગી જીવી જાણી.
એવું ઉચર્યા છે સદ્‌ગુરુ વાણી ... બેન.
તન, મન, ધનથી સેવા કીધી
તેમાં પાછી પાની નવ કીધી.
વચન ઉથાપ્યું નથી ગુરુદેવ  તણું.
તેમાં ‘હા’ માં ‘હા’ ભણી ... બેન.
પૂર્વ જન્મોનાં કર્મો તમારાં
ગુરુદેવે કાપ્યાં છે નાંખી.
ને કાયા નિર્મળ તમારી કીધી.
સંસાર સાગરમાંથી દીધાં છે તારી ... બેન.
નિઃસ્વાર્થ સેવા આશ્રમની કીધી.
તેમાં સ્વાર્થની ગંધ ન આવવા દીધી.
આશ્રમ સેવા કેવી રીતે કરવી.
તેની શીખ શિખવાડી  દીધી ... બેન.
આપ તર્યાં ને કુટુંબને તાર્યું.
સમાજમાં ખ્યાતિ મેળવી.
નાનાં મોટાં સાથે પ્રેમ કરીને
વહાલાં બન્યાં સૌનાં બેની ... બેન
સમાજ સેવા કરવાં પાછી પાની ન કીધી.
શાળા પ્રત્યેની ફરજ અદા કરી.
નાનાં ભૂલકાંઓમાં સુસંસ્કાર સીંચી
નામના મેળવી લીધી ... બેન.

**ત્ર્યંબકભાઈ ડી. નાયક**

# ગુરુ અને સદ્‌ગુરૂ

ગુરૂ એનું નામ કે જે મુમુક્ષુ જે જીવાત્મા કે જે શિષ્ય પોતાની પાસે આવે અને મુશ્કેલીઓ રજુ કરે મનની મુંઝવણો કહે અને એનો ઉકેલ કરી આપે, હિતની વાતસંભળાવે એ ગુરૂ. મુમુક્ષુઓ પોતાની પાસે આવે એને ઉપદેશ આપે પરમાત્માને માર્ગ વાળે એનું નામ ગુરૂ.

સદ્‌ગુરૂ કે જે મુમુક્ષુ હોય પોતાનો શિષ્ય હોય એને દુ:ખ લગાડીને એનું અપમાન કરીને, એનો તિરસ્કાર કરીને પણ એને પરમાત્માને માર્ગ વાળે. સદ્‌ગુરુ કોઈ દહાડો ડરે નહિ કે આનું હું અપમાન કરીશ અને માઠું લાગશે એને દુ:ખ લાગશે. રસ્તા વચ્ચે કાન પકડીને ઊભો રાખે એ સાચા સદ્‌ગુરૂ.

ગુરુ હોય એ ધણીવાર ઈશ્વરનો સંપર્ક સાધે. ધ્યાન કરવા બેસે ત્યારે મૂર્તિનું સુખ આવે અને સદ્‌ગુરૂ હોય એમને અખંડ ઈશ્વર સાથે જોડાણ હોય છે. ધ્યાન કરે અને ચરણાવિંદ દેખાય એ ગુરૂ. પણ વગર ધ્યાને ચરણાવિંદ દેખાયા કરે એ સદ્‌ગુરૂ. જેને અખંડ સંપર્ક ભગવાનની મૂર્તિનો હોય આપણા સોમેશ્વરતીર્થ સદ્‌ગુરુ પણ એક સાચા સદ્‌ગુરૂ હતાં અને આજે પણ છે જ. તેમની હાજરી હમેંશ આશ્રમમાં જ હોય છે એવા સદ્‌ગુરૂ ને કોટી કોટી પ્રણામ.

**હરીચ્છાબેન બ્રહ્મભટ્ટ, કડી**



# પૂજ્ય ગાંધી બાપુના દૂહા

અગ્નોતેરની સાલ, કરમચંદના કુળમાં
પૂતળીબાને પેટ, પ્રકાશ પ્રગટ્યો પૃથ્વીનો

વરસ-તેરની ઉમંરે, જોઈ રૂડેરી જાત
પરણાવી દીધા હતા, કસ્તુરબાની સાથ

બેરીસ્ટર બનવા કર્યો, વિલાયતે વસવાટ
ડગ્યો નહિ તલભાર, શુધ્ધ સ્વરૂપે નિસર્યો

વકીલાત કરવા છતાં, સૌ જન સેવા માટ
સમય ખરચતા હોંશથી, ખુદાઈ ખીદમતગાર

સલ્તનતે સોંપ્યો તને, કૈસરે-હિંદ ખિતાબ
પદકનો પરિત્યાગ, કરીને પુરૂષાર્થી બન્યો

દરિદ્ર જનતાને તમે, દ્દષ્ટિ પથ મોઝાર
રાખી લંગોટી ધરી, ઈશ્વરના અવતાર

રોલેટ જેવા કાયદા, દમન તણા રચનાર
તેને તેં ફેંકી દીધા, ઘડી ન લાગી વાર

દલિતોને અધિકાર, મતનો જુદા આપતાં
આમરણ ઉપવાસ, ધારી સિધ્ધિને વર્યો

છૂતા-છૂતના ભેદ, નિવારવા નર કેસરી
તે આપ્યો સંદેશ, શાખ શાસ્ત્રને વેદની

ઑગષ્ટ તારીખ આઠમી, બેંતાલીસની સાલ,
ક્વીટ ઈંડિયા નાદથી, ગોરા ગેબજ થાય

નો આખલી ને બિહાર, કલકત્તાનાં કારમાં
તેં ઠાર્યાં તોફાન, સર્વે ધર્મ સમભાવથી

સત્ય તણી તલવાર, ઢાલ અહિંસાની ધરી
ખેલ્યા તે સંગ્રામ, રસ્તો ચિંધ્યો જગતને

કૃષ્ણ, ઈસુ ને બુધ્ધ, તેમાં તું મોહન ભળ્યો
અમે રહ્યા અબુધ, છોડી ચાલ્યો ક્યાં ગયો ?

અંધારી અવનિ મહીં, પ્રકાશ પાથરનાર
વિશ્વ-સૂર્યને વંદના, કરીયે વારંવાર

**કવિ : પીતાંબર શર્મા, દેત્રોજ**

## શ્રદ્ધાંજલિ

આથી સખેદ જણાવવાનું કે પ્રેમીલાબેન ગુણવંતભાઈ રામી જેમણે ગુરુમહારાજની ખૂબ સેવા કરી છે. તેમના સુપુત્ર ઈન્દ્રવદનભાઈ ગુણવંતરાય રામી તા.૫-૫-૨૦૨૦ ને મંગળવારના રોજ અક્ષરધામ પામ્યા છે. પરમેશ્વર તેમની આત્માને શાંતિ આપે ને કુટુંબ પર આવેલ દુઃખ સહન કરવાની શક્તિ આર્પે તેવી આશ્રમ પરિવાર પ્રભુને પ્રાર્થના કરે છે.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ।





# શ્રદ્ધાંજલિ

૧. આથી સખેદ જણાવવાનું કે જેમના કુટુંબે ગુરુમહારાજની સેવા કરેલી છે તેવા કૌશિકભાઈહસમુખભાઈ નાયકના સુપુત્ર હેમલભાઈ કૌશિકભાઈ નાયક તા. ૦૩/૦૩/૨૦૨૦ ને સોમવારના દિવસે દેવલોક પામ્યા છે એવા સમાચાર આશ્રમ પરિવારે જાણ્યા તેથી ઘણું દુઃખ થયું છે. પરમાત્મા તેમના કુટુંબને આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આપે તેમજ સદ્ગત આત્માને શાંતિ આપે તેવી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ.

૨. આથી સખેદ જણાવવાનું કે આપણા આશ્રમના ટ્રસ્ટીશ્રી નવિનભાઈ છનાલાલ નાયકના બેન સ્વ. ઉમિયાબેન શાંતિલાલ નાયક તા. ૧/૨/૨૦૨૦ ના રોજ દેવલોક પામ્યા છે એવા સમાચાર આશ્રમ પરિવારે જાણ્યા તેથી ઘણું દુઃખ થયું છે. પરમાત્મા તેમના કુટુંબને આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેમ સદ્ગત આત્માને શાંતિ આપે તેવી પ્રભુને પ્રાર્થના કરે છે.

૩. આથી સખેદ જણાવવાનું કે આપણા આશ્રમમાં સેવા કરતાં સ્વ. મધુબેન ગોવિંદભાઈ પટેલ તા. ૧૬/૩/૨૦૨૦ ના રોજ પ્રભુચરણમાં લીન થયાં છે એવા સમાચાર સાંભળી આશ્રમ પરિવારને ઘણુંજ દુઃખ થયું છે. પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે તેમજ કુટુંબ પર આવી પડેલ આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી આશ્રમ પરિવાર પ્રભુને પ્રાર્થના કરે છે.

૪. આથી સખેદ જણાવવાનું કે આપણા આશ્રમમાંથી નીકળતી ગુરુ-ગરિમા પુસ્તકમાં ઘણા વખતથી લેખ આપતા તથા તે આશ્રમ સાથે સંકળાયેલ તેવા સ્વ. મંગળભાઈ પૂંજાભાઈ પટેલ ભૂતપૂર્વ શિક્ષક સર્વ વિદ્યાલય, કડી તા. ૦૮-૦૪-૨૦૨૦ ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. પરમાત્મા તેમના આત્માને તથા કુટુંબ પર આવેલ આ દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી આશ્રમ પરિવાર પ્રભુને પ્રાર્થના કરે છે.

૫. આથી સખેદ જણાવવાનું કે આપણા આશ્રમમાં નિકટથી સંકળાયેલાને અતિશય પ્રભુ પ્રત્યે પ્રેમ રાખનાર સ્વ. લાલજીભાઈ નાનજીભાઈ પટેલ (પૂર્વ પ્રમુખશ્રી, કડી નગરપાલિકા) તા. ૧૧/૦૪/૨૦૨૦ ને શનિવારના રોજ અક્ષર નિવાસી થયા છે. એવા સમાચાર આશ્રમ પરિવારે સાંભળ્યા તો ઘણું જ દુઃખ થયું છે. પરમાત્મા તેમના આત્માને શાંતિ આપે અને કુટુંબ પર આવેલ આ અસહ્ય દુઃખ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ.

ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ ।





# આગામી પ્રસંગો

૧. અષાડ સુદ-૨ તા. ૨૩/૦૬/૨૦૨૦ને મંગળવાર
શ્રીમદ્ ભાગવત કથા પ્રારંભ - સમયઃ- સાંજે ૪-૦૦ થી ૫-૦૦

૨. અષાડ સુદ-૨ તા. ૨૩/૦૬/૨૦૨૦ ને મંગળવારથી
“શ્રી વિષ્ણુ સહસ્ત્રનામ જપયજ્ઞનો પ્રારંભ.
આ સંકટ સમયે “જપયજ્ઞ” અવશ્ય કરવો. વ્યવસ્થિત કરવો.
બને તેટલા વધારે પાઠ કરવા. પાઠની નોંધણી કરાવી દેવી.

૩. અષાડ સુદ-૧૫ (ગુરુપૂર્ણિમા) તા. ૦૫/૦૭/૨૦૨૦ રવિવાર
પાદુકા પૂજન - સવારે :- ૮-૩૦ થી શરૂ
યજમાનઃ ૧. પટેલ ગણેશભાઈ નાગજીભાઈ - કડી
૨. દેસાઈ નરેન્દ્રભાઈ એમ. - નવસારી

**નોંધ : હાલના સંજોગોમાં જે તે દિવસે સરકારશ્રીના આદેશ મુજબ ગુરુપૂર્ણિમા ઉત્સવ ઉજવવામાં આવશે.**

૪. શ્રાવણ સુદ-૧ મંગળવાર તા. ૨૧/૦૭/૨૦૨૦
નામસ્મરણ. ||श्री कृष्णः शरणं मम || આખો શ્રાવણમાસ
સમયઃ- સવારે ૯-૩૦ થી ૧૦-૩૦

૫. શ્રાવણવદ અમાસ તા. ૧૯/૦૮/૨૦૨૦ બુધવાર
સવારેઃ- શ્રી પાદુકા પૂજન
(૧) જપયજ્ઞ વિરામ (૨) નામસ્મરણ વિરામ (૩) શ્રીમદ્ ભાગવતકથા વિરામ

# આભાર દર્શન

૧. ગુરુ ગરીમાના વર્ષના પ્રથમ અંકનો છપામણી ખર્ચ આદરણીય શ્રી શારદાબેન ગુલાબભાઈ પટેલ તરફથી આપવામાં આવ્યો છે.

૨. ગુરુ ગરીમાના આખા વર્ષના કાગળ આદરણીય શ્રી હરેશભાઈ ભાનુભાઈ બાબુભાઈ પટેલ તરફથી આપવામાં આવ્યાં છે. ઘણા વર્ષોથી આ સેવા મળે છે.

૩. ગુરુ ગરીમાના બાકીના અંકોનો છપામણી ખર્ચ શ્રી એસાબેન અરવિંદભાઈ પટેલ તરફથી આપવામાં આવ્યો છે.

॥ શ્રી ગુરવે નમઃ ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી સરસ્વત્યૈ નમઃ ॥



# મોક્ષના પથિક

શ્રી સોમેશ્વર આશ્રમ, કડી શહેર મધ્યે બિરાજતો;
સમરથ-કમળાની જોડી, આશ્રમમાં સેવા કરતી'તી બે બહેનો. ૧
નાત-જાતનો ભેદ ભૂલી, એકસંપથી લાગે બે સગીબહેનો;
ગુરુ-સેવાને મુખ્ય ગણી, મનમાં સેવાધર્મ અપનાવ્યો. ૨
ગૃહકાર્ય સર્વે કરીને, આશ્રમમાં આવી સેવા કરતાં;
ટેક ધરી છે મનમાં એવી, અંત સમય સુધી સેવા કરવી. ૩
ગુરુ વાક્ય એ બ્રહ્મવાક્ય્ ગણી પ્રેમથી હૈયે ધરી;
આશ્રમ મારો, ગુરુ પણ મારા, એવો ભાવ અંતરે લાવી. ૪
બન્ને બહેનોની વાણી પ્રેમ ભરી, ગુરુભક્તોને મન ભાવી;
પ્રેમથી પાસે બેસાડી, ગુરુ સેવાની વાત જ કહેતાં. ૫
કમળાબેન અધ્યાત્મિક ક્ષેત્રે, સત્સંગમાં સૌને જોડતાં;
સમરથબેનનો પ્રેમ એવો, પ્રેમે પ્રસાદ જમાડતાં. ૬
અહંવૃત્તિનો ત્યાગ કરીને, નમ્ર બની સૌને હાથ જોડતાં;
ગુરુદેવનું ગૌરવ વધે, તેવું આચરણ બન્ને કરતાં. ૭
જીવન સમર્પી દીધું ગુરુચરણે, દૃઢ શ્રદ્ધા મનમાં ધરી;
ગુરુદેવ અમારું કલ્યાણ કરશે, સુધાદેવીને નમન કરી. ૮
સેવા ગુરુદેવની એવી કરી, ગુરુદેવ પ્રસન્ન થયાં;
અંત સમય બન્નેનો સાચવ્યો, પરમ ધામે પહોંચાડ્યા. ૯
શક્તિ સ્વરૂપા બન્ને બહેનોની તિથિ ગુરુદેવે સાચવી;
કમળાદેવીની મહાઅષ્ટમી, સમુબેનની એકાદશી. ૧૦
આ સમુ-કમુની અલૌકિક જોડી, તેને કોઈ શકે ના ભૂલી;
નમ્રતાથી હું નમન કરું, મારા બન્ને હાથ જોડી. ૧૧

ત્ર્યંબકભાઈ દામોદરદાસ નાયક - કડી